Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૫૦ · તા. ૬ થી ૧૨ ડિસેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના મુખ્ય જિનાલયોમાંથી એક અનંતનાથ જિનાલયમાં પ.પૂ. સાધ્વીજી સંયમ ગુણાશ્રીજીનું સંવત ૨૦૭૦ ઈ.સ. ૨૦૧૪નું ચાતુર્માસ અનેક યાદોવાળું રહ્યું.

## ઊંચા આપણા સ્વપ્ન, ઊંચી ચણાઈ રહી ઈમારત.... સહકાર સૌ આપજો, યુગો સુધી રહેશે શોહરત !







## સુરતમાં યોજાઈ જૈન ઈતિહાસની અનોખી ઘટના : ૪૫ મુમુક્ષુઓનું સંયમ માર્ગ તરફ પ્રયાણ

સુરત શહેરના આંગણે આધ્યાત્મનગરી ખાતે આઠ દિવસીય ઐતિહાસિક દીક્ષા સમારોહના છેલ્લા દિવસે સોમવારે ૧.૧૨.૧૪ના ૪૫ મુમુક્ષુઓએ સંયમ માર્ગનો સ્વીકાર કર્યો હતો.

ઘાટકોપરના જૈન આગેવાન હિતેશ માણેકજી મોતાએ આમાં મુખ્ય આયોજકની ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે ૧૫૦ જેટલા ક.દ.ઓ. જૈન મહાનુભાવો ઉપસ્થિત હતા.





## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



### હરીશ વશનજી હેમરાજ લોડાયા (અજાણી)

ગામ : કોઠારા હાલ : ગોવા

જન્મ : તા. ૧૯.૧૨.૧૯૪૫

અરિહંત શરણ : તા. ૧૨.૧૨.૨૦૧૩

પળે પળે તમારી યાદ આવે છે,
યાદ આવી આવીને રડાવી જાય છે....
રાત્રી વિતી, દિવસો વિત્યા,
આજે વરસ પણ ગયું વિતી....
પરંતુ યાદ આજે પણ છે તાજી,
શમણું લાગે છે તમે અમારી વચ્ચે નથી,
પ્રભુ તમારા આત્માને ચિરશાંતિ આપે,
એજ અમારી અભ્યર્થના.

સ્મરણકર્તા

ધર્મપત્ની : સુશીલા હરીશ લોડાયા
પુત્ર- પુત્રવધુ : ટાલીયા મનીશ લોડાયા
પુત્ર - પુત્રવધુ: મ્યુરીઅલ (મનીષા) ભાવેશ લોડાયા
પૌત્રો : વત્સલ, વરુણ, રામી
સ્વ પરિવાર : દેકાંબાઈ વશનજી લોડાયા (અજાણી) પરિવાર (કોઠારા)
સાસરિયા પરિવાર : મેઘજી વેલજી મોતા પરિવાર (વાંકુ)

## શ્રદ્ધાંજલિ

જન્મ :
૫.૦૬.૧૯૬૫



અરિહંત શરણ :
૧૫.૧૧.૨૦૧૪

### સ્વ. મયુર ખીમજી રાયશી લોડાયા

બાંઢીયા - મુલુંડ

પંખ ફેલાવી ઊંચા આકાશમાં,
તું અચાનક શીદને ઉડી ગયો ?
પરિવારજનોનો સાથ છોડી ને
તું શીદ સ્વર્ગે સીધાવી ગયો ?

હેત લડાવી હેતલને ન્યારા,
હાથ કેમ અચાનક છોડી દીધો ?
પ્રાચી - મીતનો વ્હાલો પપ્પો,
શીદ બાલુડાઓથી દૂર થયો ?

અધા બાઈની જિંદગીનો સહારો
શીદ તેમને મઝધારમાં મુકી ગયો ?
ઉજાસ મણીનો અંધાર થયો ને
ખીલેલું પુષ્પ શીદ કરમાઈ ગયું ?

કાશી - ઈંદીરાનો માડી જાયો
બેનડીઓથી શીદ રીસાઈ ગયો ?
લતા નવીન નો અમર ડોલર
આમ શીદ મધ્યાને અસ્ત થયો ?

પરિવાર - સમાજની સેવા કરતો
સેવા લીધા વિના કેમ ચાલી ગયો ?
સંજય - શાંતાની આશાનો દીપક
આમ અચાનક કેમ ઓલવાઈ ગયો ?

લી. શોકાતુર

માતુશ્રી કાંતાબાઈ દામજી કુંવરજી વિકમશી (બીલીમોરા)
શ્રીમતી આશા તથા દીપક ગંગાજર ડાઘા (મુલુંડ)
શ્રીમતી રાજશ્રી તથા હિરેન દામજી વિકમશી
શ્રીમતી રીના તથા મુકેશ દામજી વિકમશી
શ્રીમતી પન્ના તથા કિર્તિ ભવાનજી લોડાયા (પાચોરા)
શ્રીમતી કુંજલ તથા ભાવેશ કુવરજી લોડાયા (ભાડુંપ)
શ્રીમતી કિંજલ તથા દર્શન દીપક ડાઘા (મુલુંડ)
શ્રીમતી અપેક્ષા તથા ગૌતમ વેલજી ડાઘા (મુલુંડ)
શ્રીમતી મિનલ તથા અમિત લક્ષ્મીચંદ નાગડા (નાસિક)
શ્રીમતી અપેક્ષા તથા ગૌતમ વેલજી ડાઘા
શ્રીમતી રિદ્ધિ મોનિષ દિલીપ ખોના (મુલુંડ)

*તંત્રી સમીપે*

## ‘અનંતછાયા’માં જિનાલયના નવનિર્માણ વિષે ટ્રસ્ટીઓનો સુયોગ્ય નિર્ણય...

‘અનંતછાયા’ ઘાટકોપરની મિલકત સાથે જ્ઞાતિના ઋણાનુબંધના તંતુ હજી કેટલા વર્ષ કે દાયકા લગી જોડાયેલા રહેશે તે અનેક જ્ઞાતિજનોના સમાજ વ્યવહારમાં છેલ્લી અડધી સદી ઉપરાંતથી વખતો વખત મિશ્ર સ્પંદનો જગાવતો એક વિષય રહ્યો છે.

આ અનુબંધો ત્રણેક પેઢીઓથી વ્યાપેલા છે. આ મિલકતે પ્રારંભમાં જ્ઞાતિજનોમાં રહેઠાણ સમસ્યાના મુદ્દે આશા - આકાંક્ષાઓ ઉજાગર કરી. ત્યાર પછી એક દશકા સુધી આ મિલકત એક યા બીજા વિવાદમાં અટવાયેલી રહી અને છેલ્લા ત્રણેક વર્ષો દરમ્યાન આ આકાંક્ષાઓમાં વખતોવખત ચઢાવ - ઉતાર પાર કરી છ એક મહીના પહેલાં કાંઈક અંશે થાળે પડેલી આ મિલકત ત્યાર બાદ પાછી જ્ઞાતિજનોના અને અગ્રણીઓના મનોવ્યાપારના આટાપાટામાં અટવાઈ ગઈ અને આ તબક્કે પણ આ મિલકતે છેલ્લા દશેક દિવસ દરમ્યાન ક્રમશઃ તણાવયુક્ત ચિંતાઓમાં અને સુખદ આંચકામાં જ્ઞાતિને લાવી દીધી છે.

હજી ત્રણેક મહીના પહેલાં, ટ્રસ્ટીઓએ ‘અનંતછાયા’ પર અનંતનાથજી જિનાલયના નવનિર્માણ માટે આવેલ રૂા. ૩ કરોડ ૫૧ લાખની ઓફરથી વધારે રકમનો ચડાવો ૩૦ ઓગષ્ટ ૨૦૧૪ સુધીમાં કરવા જ્ઞાતિજનોને અનુરોધ કરેલો ત્યારે આવી અચાનકપણે અને જ્ઞાતિજનોને માંડ ચાર - પાંચ દિવસ જેટલી મહેતલ આપતી અને કોઈ પણ શરતોની માહિતી આપ્યા વિનાની ટ્રસ્ટીઓએ કરેલ જાહેરાતને, કારણે જ્ઞાતિજનોમાં તીવ્ર અસંતોષ ફેલાયો હતો.

તે પછી પણ ત્રણેક મહીના સુધી ટ્રસ્ટીઓએ તેમને એ ઓફરમાં કોઈ ચડાવા મળ્યા હતા કે કેમ કે તેમાં આખરી આદેશ અપાયો છે કે કેમ તે બાબત જ્ઞાતિ સમક્ષ કોઈ સ્પષ્ટતા કે જાહેરાત કરી નહીં તેથી ટ્રસ્ટીઓ જ્ઞાતિજનો પરત્વે પાયાનો વિવેક - વિનય રાખવામાં પણ માનતા નથી એ રીતે તેમને વધારે અપ્રિય કરતી છાપ ઊભરી.

ત્યારબાદ નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં એસ. એમ. એસ. અને મુંબઈ મહાજનના મુખપત્રમાં અનંતછાયાના પ્રસ્તાવિત જિનાલયના નવનિર્માણ માટે રૂા. ૩ કરોડ ૫૧ લાખની મળેલ ઓફરનો પુનઃઉલ્લેખ કરવામાં આવ્યો અને “લોક લાગણીને માન આપીને” ઓફરમાં વધારે ચડાવો કરવા ૩૦ નવેમ્બર ૨૦૧૪ સુધીની મુદત અપાઈ ત્યારે પણ ફરીથી ટૂંકી મુદત આપીને ટ્રસ્ટીઓ પોતાની પૂર્વ નિર્ધારિત યોજના અમલમાં મુકશે એવી શંકા જ્ઞાતિજનોમાં ફરીથી દૃઢ થઈ.

પરંતુ, સૌ વિચારશીલ જ્ઞાતિજનોને સુખદ આંચકો આપતા હોય તે

**રીઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના આગ્રહ પ્રમાણે પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ *C.D.O. Prakash Samiksha Samiti* એમ લખવું જરૂરી છે.**


**આદ્યતંત્રીઓ**

**“પ્રકાશ”**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**“સમીક્ષા”**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**“પ્રકાશ સમીક્ષા”**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 50/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda, Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર બુધવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

રીતે ઉક્ત ઓફરમાં મહત્તમ કક્ષાએ ચડાવાઓ વધે તે હેતુસર ઉક્ત ૩૦ નવેમ્બર ૨૦૧૪ની મુદત પણ ટ્રસ્ટીઓએ હવે લંબાવી છે અને ડિસેમ્બર અંતમાં યોજાનાર ચૂંટનીઓ પછી આ ઉછામણીઓ કરાશે તેવું તેમણે જણાવ્યું છે. તે એક રીતે સંતોષજનક બીના બની છે.

અલબત્ત, ટ્રસ્ટીઓએ આ નિર્ણય સ્વત: લીધો નથી. તે માટેનો ખરો યશ તો જ્ઞાતિ અગ્રણી શ્રી જયંત ભવાનજી સોનીને આપવો જોઈએ, જેમણે ટ્રસ્ટીઓને ૨૯ નવેમ્બરના પત્ર લખી, આવી ટૂંકી મુદતને લીધે અને અન્ય ધાર્મિક કાર્યક્રમોમાં જ્ઞાતિજનોની વ્યસ્તતાના વ્યાજબી સંયોગોને કારણે ટ્રસ્ટ મહત્તમ ચડાવા મેળવવાની કાર્યવાહી યોગ્ય રીતે પાર પાડી નહીં શકશે અને ઉક્ત ઓફરથી ઘણો વધારે ચડાવો ટ્રસ્ટને મળી શકશે તેમજ પોતે પણ આ ચડાવામાં ભાગ લેવા ઈચ્છુક છે તેમજ ટ્રસ્ટ અને મહાજનશ્રીની ૨૮ ડિસેમ્બરની આગામી ચૂંટણીઓને અનુલક્ષીને આ કાર્યક્રમ ચૂંટણીઓ પછી યોજવો અને તે માટે જ્ઞાતિજનોને પર્યાપ્ત અને સમયની પૂર્વ સૂચનાથી જાણ કરીને જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ઉક્ત ચડાવાઓની ખુલ્લી જાહેર ઉછામણીઓ થાય તેમ કરવા અનુરોધ કર્યો હતો.

ટ્રસ્ટીઓએ પણ શ્રી જયંત સોનીને સંબોધીને ૪ ડિસેમ્બરના પ્રત્યુત્તર દ્વારા સંમંતિ દર્શક પ્રતિસાદ આવ્યો છે જેમાં તેમણે ઉક્ત ઉછામણીઓ અંગેનો ધાર્મિક કાર્યક્રમ ચૂંટણીઓ પછી અને જયંતભાઈએ સૂચિત કરી છે તે રીતમાં એટલે કે પર્યાપ્ત પૂર્વ સૂચના દ્વારા જ્ઞાતિજનો વચ્ચે ખુલ્લી જાહેર ઉછામણીઓ થશે તેવી કાર્યવાહી કરવા સંમંતિ દર્શાવી છે.

આમ છેવટે, ટ્રસ્ટીઓએ આવા મહત્વના મુદ્દા અંગે બિનવ્યાજબી ઉતાવળમાં કોઈ પગલું ન લેવાય અને જ્ઞાતિ સમક્ષ પારદર્શકપણે કાર્યવાહી થાય તેવી ભૂમિકાનો સ્વીકાર કર્યો છે તે માટે તેઓ જ્ઞાતિના ભરસક અભિનંદન મેળવવા અધિકારી બન્યા છે તેમ કહીએ તો તે સર્વથા ઉચિત ગણાશે.

અલબત્ત, અનંતછાયાની જમીન સાધારણ ખાતાની છે પરંતુ ઉક્ત દેરાસર અને હવે પ્રસ્તાવિત જિનાલય ટ્રસ્ટના દેરાસર ખાતાની મિલકત છે તેથી અનંતનાથજી ટ્રસ્ટના વહીવટની સ્કીમના અનુરૂપમાં મુંબઈ મહાજનની સભા બોલાવી તેમાં આ રીતે સમગ્ર જ્ઞાતિ જાહેર ખુલ્લી ઊછામણીઓમાં ભાગ લઈ શકે તે અંગેની પરવાનગી મેળવશે તો કાનુની દૃષ્ટિએ પણ યોગ્ય વિધિ થયેલ ગણાશે.

તેવી જ રીતે, અનંતછાયાના વેચાણ અંગે ચેરીટી કમીશ્નરની મેળવાયેલ મંજુરી માટે જેનો આધાર લેવાયેલો તે ટ્રસ્ટ અને ખરીદકર્તા ડેવલપર સાથે થયેલ કરાર અનુસાર ડેવલપરે આ જિનાલયનું બાંધકામ કરી આપવાની જવાબદારી લીધી હતી એટલે હવે જિનાલયનું બાંધકામ જ્ઞાતિ કરશે તે દૃષ્ટિએ ડેવલપર સાથે, તે અંગે પુરક કરાર થયા હોવા જ જોઈએ તો તેની વિગતો એટલે કે ડેવલપર પાસેથી હજી કેટલી વધારાની રકમ ટ્રસ્ટને પ્રાપ્ત થશે તેની માહિતી પણ હવે ટ્રસ્ટીઓએ પારદર્શક અભિગમ અપનાવ્યો છે તેના અનુરૂપમાં જ્ઞાતિ સમક્ષ મુકવી જોઈએ અને ચેરીટી કમિશ્નર પાસેથી પણ સુધારિત કરારનામા વિષયક મંજુરી મેળવવાની કાર્યવાહી કરવી જરૂરી બનશે.

હવે જ્યારે નજીકના ભવિષ્યમાં સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ સંમેલન બોલાવવાની કોઈ સંભાવના રહી નથી ત્યારે આશા રાખીએ કે ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના અધિકારીઓ અનંતછાયાના ઉક્ત જિનાલયના નવનિર્માણ અંગેની ઉછામણીઓ કરાવવાના કાર્યક્રમમાં, યોગ્ય કાર્યવાહી કરી, સમગ્ર જ્ઞાતિને આમંત્રણ આપશે અને જ્ઞાતિ અસ્મિતાના ઉર્ધ્વ આંદોલનોને જ્ઞાતિજનોની દીર્ઘ કાલીન સ્મૃતિમાં દૃઢતાપુર્વક અંક્તિ કરશે. આમ થશે તો ઈતર સમાજમાં પણ એક સુગ્રથિત જ્ઞાતિ તરિકેની આપણી પ્રતિમા ઉભરશે.

- રા


શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## જૈનો આટલા શ્રીમંત ! જૈનો આટલા ગરીબ

ગત એપ્રિલમાં સર્વ મંગલમ્ આશ્રમ સોગોડિયા-પાટણમાં અર્હમ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરૂ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર - મુંબઇ દ્વારા ૧૧મા જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન થયું.

સેમિનાર પૂરો થયા પછી અમે ૭મી એપ્રિલે પાટણની આજુબાજુ અને પાટણમાં તીર્થ દર્શન કરવા ગયા.

એક દેરાસર પાસે અમે ગાડી ઊભી રાખી અને જેવા નીચે ઊતર્યા કે એક બેન અમારી પાસે આવ્યા, ગરીબી કક્ષાએ મધ્યમવર્ગના એ બહેનના હાથમાં એક મોટો થેલો હતો. મુખ ઉપર મહેનતની ઉદાસિનતા, તડકાનો થાક, કપાળમાં સૌભાગ્યના ચાંદલા સાથે ચંદન-કેશરનો ચાંદલો, પગમાં તુટેલી પટ્ટીવાળા ચપ્પલ અને અવાજમાં વિનંતિના કંપન સાથે બોલ્યા, 'ભાઇ, દેવડા લેશો? (દેવડા એ પાટણની પ્રખ્યાત મિઠાઇ) તાજાં છે, ૨૫૦ રૂ. કિલો, સરસ રીતે પેક કર્યા છે, બહારગામ લઇ જવામાં તકલીફ નહિ પડે.'

ભાવમાં ન કસવાની ભલામણ સાથે મેં શ્રીમતીને શક્ય હોય તો પૂરી થેલીના દેવડાં લઇ લેવા કહ્યું.

અમે ગાડીમાં બેઠા અને અમારી સાથે બેઠેલા સર્વ મંગલમ્ આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જગદીશભાઇ વોરાએ આક્રોશયુક્ત પોતાનો વાણી પ્રવાહ ચલાવ્યો, 'જુઓ આપણા જૈનો કેટલાં શ્રીમંત અને આવા કેટલાં ગરીબ?'

મારું મન વિચારે ચડ્યુ અને મિત્ર હિંમતભાઇ ગાંધી પાસેથી થોડી વિગતો મેળવી.

એમણે કહ્યું: "દેશના જીડીપી દરમાં ૨૮ ટકા જૈનોનું પ્રદાન છે, ભારતના આવકવેરામાં જે કર પ્રાપ્ત થાય છે એમાં ૩૫ ટકા જૈનોનું પ્રદાન છે. ભારતની વિવિધ સંસ્થાઓને જે જે દાનની રકમ

---

જય જય શ્રી અનંતનાથ

### ૨૦મા વરસના મહાકાલી ભક્તિ ઉત્સવે પધારશો

**અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીની મહાપુજન - પહેડી ભક્તિ ઉત્સવ મુંબઈ સ્થાને ૨૦ મા વરસ આસો સુદ ૬ રવિવાર તા. ૧૮.૧૦.૧૫ સવારના ૮ થી ૩ ઘાટકોપર સભાગૃહ રાષ્ટ્રીય શાળામાં હમેશની જેમ ઉજવાશે. આપ સૌને દર્શન વંદન પૂજન ભક્તિ સંગીતનું અગ્રીમ આમંત્રણ.**

**૨૦ મા વરસના મુખ્ય સહયોગી પરિવારો**

૧. માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ
અ.સૌ. પ્રવીણા રમેશ શાહ (માંડવી - કોચીન)

૨. 'ફાઈવ સ્ટાર' કેટરર્સ ભાંડુપ

૩. માતુશ્રી દિવ્યાબાઈ દામજી લોડાયા -
માતુશ્રી પુષ્પાબાઈ પદમશી મોમાયા (જખૌ -ઘાટકોપર)

૪. માતુશ્રી મુરબાઈ વિસનજી શીવજી લોડાયા
(બાંડીયા - મુલુંડ)

૫. શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર (સુથરી - મુલુંડ)

**દાતા પરિવારો - ભાવિકો ગુરૂભક્તોની અનુમોદના**
**યતી મોતીસાગરજી શ્રીજી મહારાજ - ટ્રસ્ટીઓ**
**૨૦ વરસના સહયોગી**
**સૌને પધારવા આમંત્રણ**

---

### રાપરગઢવારી - નાની સિંધોડી ગામ વાસિયોં જોગ

### સ્નેહ મિલન કાર્યક્રમમાં ફેરબદલ

**રાપર - નાની સિંધોડી ક.દ.ઓ. જૈન મિત્ર મંડળ દ્વારા આયોજિત સ્નેહ મિલન રવિવાર તા. ૨૧.૧૨.૧૪ ને સવારના ૯ કલાકે, ગ્રાઉન્ડ ફ્લોર, જૈનમ હોલ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), ખાતે સંપન્ન થશે.**

**ગામવાસીઓનો તારીખ અને સ્થળમાં થયેલ ફેરબદલની નોંધ લેવા વિનંતી છે.**

**કાર્યક્રમનું સંચાલન : શ્રીમતી ચેતના હરિયા અને સાથી કલાકારો**

વિનીત : રાપરગઢવારી - નાની સિંધોડી ક.દ.ઓ. જૈન મિત્ર મંડળ

દાતા પરિવારઃ માતુશ્રી દેવકાબાઈ ટોકરશી પાશ્વીર લોડાયા પરિવાર (હૈદરાબાદવાળા)

પ્રાપ્ત થાય છે એમાં ૫૦ ટકા જૈનોનો ફાળો છે.

વિશ્વમાં લગભગ દોઢ કરોડ જૈનો છે એમાંથી લગભગ વીસ લાખ પરદેશમાં છે અને એ બધા પરદેશમાં સમૃદ્ધ છે.

કુલ દોઢ કરોડ જૈનોમાંથી ૬૦ ટકા જૈનોની પરિસ્થિતી ખુબ જ ખરાબ છે. કેટલાંક તો ગરીબીની રેખા નીચે જીવે છે, કેટલાંક ઝુંપડપટ્ટી જેવા ઘરમાં વસે છે, આ બધાં દવા અને કેળવણીને માંડ માંડ વ્યવસ્થા કરી શકે છે.''

વૃદ્ધાશ્રમો વધતા જાય છે, મુંબઈના શ્રી કુલિન વોરા પ્રતિદિન એકસો વૃદ્ધોને નિઃશુલ્ક ટિફિન મોકલે છે એમાં ૨૫ ટકા જૈન વૃદ્ધો છે. આ સંસ્થા શ્રી મુ.જૈ.યુ.સંઘ પ્રતિ માસ અનાજનું વિતરણ કરે છે એમાં કેટલાંક જૈન પરિવાર છે. કેટલાંક પરિવારો ફરજિયાત આયંબિલ કરે છે.

ભવ્યાતિભવ્ય ઉત્સવો યોજાય છે. અલ્પકાલિન મહાલયો ખડા થાય છે. નવા નવા સ્થાપત્યના નિર્માણો થાય છે. ભવ્ય પુસ્તકો અને ભવ્ય નિમંત્રણ પત્રિકા છપાય છે, જે પ્રસંગ પૂરો થયા પછી પસ્તીને હવાલે થવાની છે. કરોડો રૂપિયાનો ઘીની બોલી બોલાય છે. આ ધન સર્જનની શુદ્ધી કે માર્ગાનુસારી કે ન્યાય સંપન્ન ધન છે કે નહિ, એવો કોઈ પ્રશ્ન કરી શકતું નથી.

આવી સમૃદ્ધિ છે થતાં ૬૦ ટકા જૈનોની આ પરિસ્થિતિ? ક્યાંક કોઈ કડી નક્કી ખૂટે છે.

'જગતના માત્ર પાંચ ટકા માણસો ૯૫ ટકા નાણાંકીય સ્ત્રોતો પર કબજો ઘરાવે છે! આ હકીકત શું સૂચવે છે? પ્રગતિ કે દુર્ગતિ?

નવનીત સમર્પણ-એપ્રિલ, પાનું ૧૨૬

મહાવીર જગતના પહેલા સમાજવાદી અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ જેવા સિદ્ધાંતો મહાવીરે જગતને આપ્યા. અપરિગ્રહની સાથે સહ અસ્તિત્વ અને એથી વિશ્વશાંતિનો સંદેશો એમણે આપ્યો.

પરિગ્રહના ગેરફાયદા અને અપરિગ્રહના ફાયદા મહાવીરે વિગતે જગતને સમજાવ્યા. સંપત્તિવાનોને 'ટ્રસ્ટીશીપ' નો વિચાર ગાંધીજીએ આપ્યો અને એના પ્રેરક મહાવીર.

જૈનો સમૃદ્ધ અને સંપત્તિવાન છે એવી છાપ અન્ય સમાજમાં છે. વધુ ફાયદા માટે જૈનોને


।। શ્રી અજીતનાથ નમઃ ।।

STD [૦૨૮૯૮] ✆ C/o. ૨૬૫૬૧૮

**શ્રી અજીતનાથ જૈન દેરાસર -ગોરખડી**

રજીસ્ટ્રેશન નાં. એ-૯૧૪
તા. ૧૦-૩-૧૯૬૬ જામનગર
C/o. મુંબઈ ઓફિસ :
૧, હ્યુમેરા આર્કેડ, ગ્રાઉન્ડ ફ્લોર,
૨/૪, ઈઝરાયલ મહોલ્લા, સેમ્યુઅલ સ્ટ્રીટ,
સારસ્વત બેંક સામે, મસ્જીદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન: ૦૨૨-૨૩૪૪૨૯૧૯ ફેક્સ: (૯૧-૨૨) ૨૩૪૬૫૮૨૨

શ્રી અજીતનાથ જૈન દેરાસર,
મું. પો. ગોરખડી - ૩૬૦ ૫૨૦
તા. જામજોધપુર જી. જામનગર.


**સર્વે ગામવાસીઓને જણાવવાનું કે ગોરખડી - ધ્રાફા બંને ગામના ગામવાસીઓની સાધારણ સભા તા. ૧૮.૧.૧૫ રવિવાર બપોરે ૪ થી ૮ અનંતસિદ્ધિ હોલ ભાંડુપ (વે) મધ્યે રાખેલ છે. તેમાં નીચે આપેલ વિષય બાબત માટે ચર્ચા - વિચારણા થશે**

- **નવા ટ્રસ્ટીગણ તથા કારોબારી સભ્યોની નીમણુક**
- **અજિતનાથ જૈન દેરાસરના ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન કરાવવું**
- **પર્યુષણ બાબતની ચર્ચા વિચારણા**
- **દેરાસર નિભાવ ફંડ**

**બંને ગામવાસીઓને સહ પરિવાર પધારવાનું આમંત્રણ છે.**

**ચા તથા અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે. (ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.)**

**લી. પ્રમુખશ્રી બાબુલાલ જીવરાજ લોડાયા મો. 07506302868 / 09322299957**

લઘુમતીનો દરજ્જો પણ મળ્યો. પણ જૈન ધર્મના સંસ્કાર જાળવીને ગરીબાઇની વિપત્તિ સાથે જીવતા આ ૬૦ ટકા જૈનોનું શું? જૈનો પાસે સંપત્તિ સમૃદ્ધિ છે, ભંડારે અને બૅંકોમાં જૈનોનું કરોડોનું દ્રવ્ય પડયું છે જેનો લાભ અન્ય સમાજ લે છે, પણ આ અભાવો સાથે જીવતા જૈનોનું શું? વ્યવસ્થામાં ક્યાંક કશું ખૂટે છે જરૂર.

તબીબી સહાય છે, નિઃશુલ્ક કેળવણી સંસ્થા છે, છતાં આ ૬૦ ટકા વર્ગ એ લાભોથી વંચિત છે.

ટ્રસ્ટોની હજારો કરોડની સંપત્તિ બૅંકોમાં પડી છે. એના વ્યાજમાંથી વહીવટો ચાલે છે, પણ આ બૅંકો આ ૮ ટકા વ્યાજ આપવા માટે ૧૫ ટકા કેવા ઉદ્યોગો કે વ્યવસાય પાસેથી કમાય છે, એ આ અહિંસક જૈન જગતની સંપત્તિને બૅંકમાં થાપણ તરીકે મૂકનારને ખબર છે?

આ બૅંકો હિંસક પ્રવૃત્તિ કરનાર અથવા હિંસક પ્રવૃત્તિને પ્રોત્સાહન કરનાર-દા. ત. માંસના નિકાસકારોને જૈનોની આ થાપણ આપી, એ નફામાંથી પ્રાપ્ત નફો આ ૮ ટકા વ્યાજ રૂપે જૈન ટ્રસ્ટોના થાપણકારોને આપે છે. તો પ્રત્યેક જૈન કેટલો બધો પાપનો ભાગીદાર બન્યો? આ જ હકીકત વ્યક્તિગત જૈન થાપણકારને લાગૂ પડે છે.

જૈનો પાસે પોતાની બૅંક હોવી જોઇએ, જ્યાં આવી થાપણો એ બૅંક અહિંસક પ્રવૃત્તિના ઉદ્યોગને જ આપે, ઉપરાંત જૈનોને પોતાના વ્યવસાય માટે લોન આપે, તો મહાવીરના આ અભાવગ્રસ્ત પરિવારો માનપૂર્વક ઉજળા દિવસો જોઇ શકશે અને મહાવીરનો અહિંસાના સિદ્ધાંતની રક્ષા થશે તેમ જ પાપના ભાગીદાર થવાના પાપથી બચીશું.

આજે જૈનો સંપ્રદાય અને ગચ્છોમાં વિભાજીત થઇ ગયા છે. પ્રત્યેક સંસ્થામાં 'અહં'ની મૂર્તિ મહાકાય બનતી જાય છે અને નાનો જૈન એમાં ચગદાતો જાય છે, ત્યાં એના ઉદ્ધારની તો કલ્પના જ કેમ કરવી?

એક સંસ્થાનો જન્મ થાય, એ વિરાટ બનવા


**।। જય જય શ્રી મોમઈમા માતા ।।**

**શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ,વરાડીયા**

**કુળદેવી શ્રી મોમઈમાને નમતા ડાઘા કુળના ભાવિકોને પહેડી પ્રસંગે સહર્ષ નિમંત્રણ**

**કુળદેવી શ્રી મોમઇ માતાજીની સળંગ ૨૩મી પહેડીના ભાગ્યશાળી દાતા પરિવાર માતુશ્રી ભાગ્યવંતીબેન વીરચંદ પદમશી ડાઘા પરિવાર** તેમજ **માતુશ્રી પ્રેમીલાબેન કુલીનકાંત પદમશી ડાઘા પરિવાર, હસ્તેઃ અ. સૌ.ગીતા વિનોદ ડાઘા (મુલુંડ)**

**શુભ દિવસઃ** રવિવાર તા. ૦૧.૦૨.૨૦૧૫ સવારના ૯.૩૦ કલાકથી

**શુભ સ્થળઃ** જ્ઞાતિ શીરોમણી શેઠ શ્રી નરશી નાથા હોલ, ૧લે માળે, અનંત સિધ્ધિ, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વે), મુંબઇ-૪૦૦ ૦૭૮

**ભકિત ભાવનાઃ** શ્રી ડાઘા મોમઇમા મિત્ર મંડળ, વરાડીયા તથા શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ-મુંબઇ

કુળદેવી શ્રી મોમઇમાને નમતા વરાડીયા ઉપરાંત તેરા, સુથરી, નલીયા અને ગોએરસમાના ડાઘા કુળના ભાવિકોને સહ પરિવાર તથા પરિણીત નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.



॥શ્રી ચંદ્રપ્રભુ જિનેન્દ્રાય નમઃ॥ ॥શ્રી જવાલા માલીની નમઃ॥

**શ્રી લાલા તીર્થ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે હાર્દિક નિમંત્રણ**

**સંવત ૨૦૭૧ - મહા સુદ - ૫ શનિવાર તા. ૨૪.૧.૨૦૧૫**

**સહર્ષ જણાવવાનું કે આપણા લાલા તીર્થના જિનાલયની વર્ષગાઠ - ધ્વજારોહણ (વસંત પંચમી - જ્ઞાન પંચમી) શુભ દિનો છે.**

**સત્તરભેદી પૂજાની સાથે ધ્વજારોહણ કાર્યક્રમ રહેશે. આ શુભ માંગલિક પ્રસંગે સર્વે પધારવા મહાજનશ્રી તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ વતી**

**શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા (પ્રમુખ)**
**શ્રી નવીનભાઈ હીરજી દંડ (ઉપ - પ્રમુખ)**
**શ્રી હિરાચંદ નરશી દંડ (માનદ મંત્રી)**

જાય ત્યાં, એમાંથી વળી નવી સંસ્થા જન્મે અને અહંના ગુણાકાર થાય અને સામાન્ય જૈનના ભાગાકાર થતા જાય. ખંડિત થવું સહેલું છે. અખંડિત અને સંગઠીત થવું એજ ધર્મની સાચી સેવા છે, એના માટે આકાશ જેવું હૃદય જોઇએ.

આપણે જૈન ધર્મના વિશ્વ પ્રચારની વાતો કરીએ છીએ, પણ આ ઘર આંગણના અભાવગ્રસ્ત આ જૈનને જીવતો રાખવા શું કરીશું? સાધર્મિક ભક્તિ એ સિદ્ધાંતને ક્યારે ઉજળો કરીશું?

હમણાં મારા હાથમાં જૈન સોશિયલ ગ્રુપ (બૉમ્બે) ફાઉન્ડેશન સુશોભિત અહેવાલ પત્રિકા આવી. હૃદયને શાતા મળી અને ગ્લાની પણ થઇ.

બૅંકો તો બે રૂપિયાની ગેરંટી લઇને એક રૂપિયો આપે, એટલે સામાન્ય જન માટે તો બૅંકનો દરવાજો શું કામનો? એટલે ૨૫ વર્ષ પહેલાં સ્વરોજગાર કરવા ઇચ્છુક જૈનોને રૂા. પચાસ હજાર સુધી વગર વ્યાજ લોન આપવાની યોજના આ સંસ્થાએ કરી. ઉપરાંત ઉચ્ચ અભ્યાસ અને તબીબી સહાય માટે પણ. લગભગ બે કરોડની થાપણનું કરોડો સુધી ટર્નઓવર. સ્વરોજગાર યોજનામાં અત્યાર સુધી લગભગ ચાર પગભર થયા. ઉપરાંત ૩૭૭ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે લોન વગેરે.

આવી સરસ યોજના માટે એ સંસ્થા, એના પ્રેરક અને દાતાઓ અને વહીવટકર્તા અવશ્ય અભિનંદનના અધિકારી છે. પણ ગ્લાનિ એ થઇ કે જે જૈન સંપત્તિવાન સો સો કરોડની પાર્ટી હોય, ત્યાં પચ્ચીસ વરસમાં આટલી બે કરોડની જ સ્થાયી થાપણ થઇ? પ્રત્યેક વર્ષે માત્ર ૫૩ પરિવારોને જ લાભ મળ્યો. આવી સંસ્થા હોય, શ્રીમંતો જેના સભ્યો હોય, ત્યાં તો સો કરોડથી વધુ થાપણ થવી જોઇએ અને પ્રતિ વર્ષે સેંકડો પરિવાર એ યોજનાથી લાભાન્વિત થાય તો પેલા ૬૦ ટકાના આંક નીચો આવે.

છેલ્લા પાંચ સૈકામાં જૈનોની વસ્તી વધી કે ઘટી? કેટલા જૈન ધર્મી વૈષ્ણવ અને સ્વામીનારાયણ ધર્મમાં પ્રવેશ્યા? આ પ્રશ્નનો એક ઊંડો અભ્યાસ માગી લે છે.

**આશાપુરા કોમ્પ્યુટર્સ સેલ્સ & સર્વિસીસ**

**કોમ્પ્યુટર્સને લગતું કોઇપણ કામ સેલ્સ એન્ડ સર્વિસીસ માટે મળો. ડેટા રીકવરી કરી આપવામાં આવશે. સંપર્ક : યુવરાજ પોલડીયા (ગામ :બારોઇ–ગોઅરસમા) – મો.૯૮૩૩૯૦૩૩૨૯.**

**Email: yuvrajpolodiya@gmail.com.**

આપણે દેવદ્રવ્યની રક્ષા કરવા ભલે વચનબદ્ધ હોઇએ પણ જૈન શ્રાવક-શ્રાવિકાનું શું?

જૈનો માત્ર સંપત્તિવાન જ નથી, વ્યવહારદક્ષ અને સુજ્ઞ આયોજનકાર છે, એટલે જ સંપત્તિવાન બની શક્યા છે. ધનસર્જનમાં એટલી કુશાગ્ર બુદ્ધિ છે તો પછી એ બુદ્ધિ અને ધનલાભ આ ૬૦ ટકા જૈનોને કેમ નહિ?

દાનનો મહિમા અપાર છે. ધરતીને એક બીજ આપો તો એ ઘટાટોપ વૃક્ષ બનીને બીજ વાવનારને ફળો સાથે આપે છે. આ કુદરતનો નિયમ છે, જે સર્વ ક્ષેત્ર માટે સનાતન છે.

હવે આ ૬૦ ટકા જૈનોનો વિચાર નહિ કરાય તો ભવિષ્યમાં જૈનોની સંખ્યા ઓછી થશે અથવા જૈન ધર્મથી વિમુખ થશે તો એના જવાબદાર વર્તમાનના આ સંપત્તિવાનો, વ્યવસ્થા શક્તિને આકાર નહિ આપી શકનાર બૌદ્ધિકો, અને એના પ.પૂ.માર્ગદર્શકો હશે એ કહેવાની જરૂર ખરી?

***- ધનવંત શાહ***

***( પ્રબુધ્ધ જીવન મે ૨૦૧૪નો તંત્રી લેખ)***

## શ્રદ્ધાંજલિ



**હીરાચંદ અરજણ પટેલ**

**બાંયા -ઐરોલી**

**અરિહંત શરણ : ૧.૧૧.૧૪**

તમે અનોખા આગેવાન,
આત્મીય મિત્ર
સ્પષ્ટવક્તા, ટુંકમાં દર્શાવો ચિત્ર,
અરિહંત શરણે ચિરશાંતિ પામો
ધર્મ પામી કર્યું જીવન પવિત્ર

**મુલજી રાઘવજી લોડાયા**
**પરિવાર- સાંધવ**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - વરાડીયા

## વાર્ષિક - સામાન્ય સભા નોટીસ

સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા સોમવાર તારીખ : ૨૬.૦૧.૨૦૧૫ બપોરના ૩ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ બીલ્ડીંગ, કસ્તુરબા રોડ, મુલુંડ (વે), મુંબઈ મધ્યે બોલાવવામાં આવેલ છે. સર્વે મેમ્બરોને સમયસર પધારવા અનુરોધ.

### એજંડા - કાર્ય સૂચિ

૧. ગત સભાની મીનીટસનું વાંચન તથા બહાલી

૨. વરસ ૨૦૧૪ના ઓડીટેડ હિસાબોની રજુઆત (ઓડીટર્સ રીપોર્ટ) તથા બહાલી

૩. જીર્ણોદ્ધાર - રીપેરિંગ બાબત

૪. ભોજનાલય બાબત

૫. અન્ય કાર્યવાહી પ્રમુખશ્રીની મંજૂરીથી

**નોંધ :** ૧. ઓડીટેડ હિસાબ ૦૧.૦૧.૨૦૧૫ થી ૦૮.૦૧.૨૦૧૫ સુધી (રજા સિવાય) સાંજના ૪ થી ૫ કલાક સુધી. શ્રી નીરંજન કેશવજી મોમાયા, આયડીયલ ટ્રાન્સપોર્ટ કોરપોરેશન, ૩૬ - અશોક ચેમ્બર, ભરૂચ સ્ટ્રીટ, દેવજી રતનશી માર્ગ, દાણા બંદર, મસ્જીદબંદર (ઈ), મુંબઈ ખાતે ખુલ્લા રાખવામાં આવેલ છે.

૨. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા એજ દિવસે એજ સ્થળે અડધા કલાક પછી મળશે જેને કોરમની આવશ્યક્તા નહી રહે.

૩. એજંડા ઉપરાંતના સવાલો ૧૫ દિવસ અગાઉ લેખિતમાં મોકલવા જેથી તૈયારી કરી શકાય.

૪. પંચ વર્ષીય શિક્ષણ સહાય યોજનામાં વચનપુર્તી કરવા વિનંતી. જે વિદ્યાર્થીઓએ લોન લઈને અભ્યાસ પુર્ણ કર્યો હોય તેઓ લોન સત્વરે પરત કરે જેથી નવી અરજીઓ પાસ કરવા સગવડતા રહે.

૫. સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**લી. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ વતિ ટ્રસ્ટી ગણ**

## 'અનંતછાયા' જિનાલયની ઉછામણીઓ હવે ચૂંટણીઓ પછી થશે

જ્ઞાતિ અગ્રણી શ્રી જયંત વિસનજી સોનીએ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ૨૯ નવેમ્બર ૨૦૧૪ના લખેલ પત્રમાં કરેલ વિનંતીને અનુલક્ષીને 'અનંતછાયા'ના જિનાલય અંગેની ઉછામણીઓ મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટની આગામી ૨૮ ડિસેમ્બરની ચૂંટણીઓ પછી અને જ્ઞાતિજનોની જાહેર ખુલ્લી હરાજીમાં કરવા ટ્રસ્ટીઓએ સંમતિ દર્શાવી છે. આ અંગે ટ્રસ્ટ તરફથી ૪ ડિસેમ્બર ૨૦૧૪ નો પત્ર શ્રી જયંતભાઈ સોનીને મળ્યો છે.

## ઊંચા આપણા સ્વપ્ન : ઊંચીચણાઈ રહી ઈમારત

પ્રકાશ સમીક્ષાના ૫૦ નંબરના અંકના મુખ પૃષ્ઠ પર ઉપરોક્ત શિર્ષક હેઠળ પ્રગટ થયેલી તસવીરો ઘાટકોપર (પ), કામાગલીમાંના શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહના નવનિર્માણની છે. આ બોર્ડીંગે જ્ઞાતિને સુશિક્ષિત બનાવવામાં તથા અનેક પ્રતિભાઓની ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં ફાળો આપ્યો છે માટે આ નવનિર્માણમાં સહયોગની અપીલ માટે અંક ૪૪ ના પહેલા અને બીજી કવર પરની અપીલની યાદ તાજી કરાવવા આ તસ્વીર ફરી પ્રગટ કરી છે.

**સુધાર :** આ અંકમાં ચોથા કવર પેજ પર જેમની તસવીર અપાઈ છે તે શ્રીમતી ચંદ્રિકા ભુપેન્દ્ર લોડાયા અંધેરીના નહીં પણ પુનાના રહેવાસી છે.

## શ્રી વરાડીયા ટ્રસ્ટ : વચનપુર્તી માટે વિનંતી

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ ટ્રસ્ટ દ્વારા વરાડીયાવાસી જ્ઞાતિજનાને શિક્ષણ સહાય પંચવર્ષીય યોજનામાં ફાળાની વચનપુર્તિ કરવા વિનંતી. જે વિદ્યાર્થીઓ લોન લઈને અભ્યાસ પુર્ણ કર્યા હોય તેઓ સત્વરે પરત કરે. જેથી નવી અરજીઓ પાસ કરવા સગવડતા રહે જરૂરતમંદ ગામવાસી જ્ઞાતિજનોને શિક્ષણ સહાય અપાય છે.

**વરાડિયા તિર્થે જૈન ભોજનાલય તથા અતિથીગૃહની સુવિધા ઉપલબ્ધ**

દેવેન્દ્ર કુંવરજી મોમાયા (પટેલ) વરાડિયા

02831 282038 / 09727293848,

નલીન રતનશી ડાઘા (મુંબઈ) 09769111040

પ્રતાપ મુલજી પીર (મુંબઈ) : 9820743993 / 9221454575

## અચલગચ્છાધિપતિ ભટ્ટાર્ક શ્રી જિનેન્દ્રસાગર સૂરિશ્વરજીની ટૂંકી જીવન રેખા

### *શ્રી. નારાણજી મણશી લોડાયા*

અચલગચ્ચાધિપતિ ભટ્ટાર્ક શ્રી જિનેન્દ્રસાગરજીનો જન્મ કચ્છ ગોધરા મધ્યે શા. કલ્યાણજી જીવરાજ છેડાને ત્યાં સંઃ ૧૯૨૯ (ઈ.સ.૧૮૭૩) ની સાલમાં થયો હતો. તેમનું નામ જેસંગભાઈ અને તેમની માતાનું નામ લાછબાઈ હતું. લાછબાઈ તેમની બાલ્યાવસ્થામાં સ્વર્ગવાસી થતાં તેમના પિતા પોતે વૈરાગ્યવસિત આત્મા હોઈ તેમને દીક્ષા લેવાની ઈચ્છા થઈ, પણ શીશુ વયના બાળકને નિરાધાર સ્થિતિમાં મુકી પ્રવ્રજ્યા કેમ ગ્રહણ કરી કાય? એટલે તેઓ સંજોગોને આધીન રહી ગૃહવાસમાં રહી પુત્રનું પાલણ પોષણ કરવા લાગ્યા.

એક બ્રાહ્મણ ભીક્ષાર્થે ત્યાં જઈ ચડયો. તેની નજર તે બાળક ઉપર પડતાં તે ચમક્યો તે સામુદ્રિક શાસ્ત્રનો જાણકાર હોઈ તેને જણાયું કે આ બાળકનાં ચિન્હો, રેખાઓ તેના ભાગ્યમાં રાજયોગ લખાયો હોય એમ સુચવે છે. કલ્યાણજીભાઈને પોતાની માન્યતા જણાવી. આ બ્રાહ્મણનું કહેવું સાંભળી શ્રી. કલ્યાણજીભાઈએ નક્કી કર્યું કે શ્રી અચલગચ્છના શ્રી પુજ્યજી મહારાજશ્રી વિવેકસાગર સૂરીશ્વરજી મહારાજને આ પુત્ર વ્હોરાવી આવું? તો બ્રાહ્મણની ધારણા સત્ય નીવડે અને હું પણ જંજાળ મુક્ત થઈ દીક્ષા ગ્રહણ કરૂં.

મહારાજ શ્રી વિવેક સાગરસૂરીજી એ વખતે જખૌબંદર ખાતે બિરાજતા હતા. શ્રી કલ્યાણજીભાઈ ત્યાં ગયા અને સાત વર્ષના બાળકને શ્રીજી મહારાજને અર્પણ કર્યા. સઃ ૧૯૩૬ (ઈ.સ. ૧૮૮૦) માં મહારાજશ્રીએ તેમના રેખા ચિન્હો વિગેરે જોઈ પોતાના પટધર શિષ્ય તરીકે તેમને કબુલ કરી લીધા અને તદયોગ્ય જ્ઞાન આપવા માંડયું.

**દીક્ષા** શ્રી. જેસગભાઈની બુધ્ધિ કુશાગ્ર હોઈ દરેક વિષયમાં તેમની પ્રગતિ સારી થતી ગઈ. ગુજરાતીનો અભ્યાસ પુર્ણ થયા બાદ સં. ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૪) ની સાલમાં તેમના માટે પંજાબના વિદ્વાન શાસ્ત્રીજી શ્રી અમીચંદજીને રોકવામાં આવ્યા. આ વખતે શ્રીજી મહારાજ મુંબઈ શ્રી અનંતનાથજી મહારાજ દેરાસરજીમાં બિરાજતાં હતા.

શાસ્ત્રીજી થી અમીચંદજી પાસેથી પ્રાકૃત, સંસ્કૃત અને ન્યાયનો સારો જેવો અભ્યાસ કર્યો. સં. ૧૯૪૮ (ઈ.સ. ૧૮૯૨) ની સાલમાં શેઠ ભીમજી શામજી તરફથી શ્રી કેસરીયાજીનો સંઘ નીકળ્યો, તેમાં પુજ્યપાદ શ્રી વિવેકસાગર સૂરીશ્વરજી મહારાજ પધાર્યા. રસ્તામાં તેઓને ઝામરાનું દર્દ થયું. ત્યાંથી મુંબઈ પાછા પધારતાં તે દર્દ વધવા માંડયું અને વૈદો ડોક્ટરોની સારવાર છતાં સારૂં ન થયું એઓશ્રીને જણાયું કે હવે આ દેહ ટકે તેમ નથી એટલે શ્રી સંઘને એકત્ર કરી શ્રી જેસંગભાઈને દીક્ષા આપી તેમનું નામ શ્રી જિનેન્દ્ર સાગરજી યોજવામાં આવ્યું. બાદ થોડા સમયમાં એટલે ફાગણ સુદ ૩ ના રોજ મોટા મહારાજ સાહેબજી કાળધર્મને પામ્યા.

**ગચ્છનાયક :** એજ સાલની શ્રાવણ સુદ ૨ ના રોજે મોટી ધામધુમથી શ્રી જિનેદ્રસાગરજી મટી શ્રી જિનેદ્રસાગર સુરીશ્વરજી થયા. ગચ્છનાયક ગચ્છેશ પદ મળ્યું.

શ્રીજી સાહેબની ઉમર આ વખતે માત્ર ૧૯ વર્ષની હતી. પણ તે વખતની એમની વિદ્વતા અપ્રતિમ હતી. એમનું વ્યાખ્યાન સાંભળી પશ્ચિમાત્ય સંસ્કારવાલાઓનું હદય ઝુકી પડતું.

**નોંધ : ઘણા જાણકાર વડીલો માને છે કે ઘણી સાનુકૂળતા છતાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ પોતાની પૂરી ક્ષમતા જેટલો વિકાસ કરી શક્તી નથી, પ્રભાવ પાડી શક્તી નથી તેની પાછળ શ્રી પુજ જિનેન્દ્રસાગર સુરિશ્વરજીનું અપમાન થયેલું તે છે. પૈસાનો મદ કેવી ભૂલ કરાવે છે તેનું આ ઐતિહાસિક દૃષ્ટાંત છે. પૂરો સંદર્ભ સમજાય તે માટે પ્રસ્તુત છે.**

*- 'ક.દ.ઓ. પ્રકાશ'નો ૧૯૩૩ના અંતમાં છપાયેલ લેખ*


॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
દુબઈ શોપીંગ ફેસ્ટીવલઃખાસ પ્ર.27-01
અમેઝીંગ દુબઈ-આબુધાબી
4N-5D, All Inclusive ₹ 24444/- + $499
કેરલા 7N ₹ 18888/- Ex. Cochin
કચ્છ રણઉત્સવ ₹ 5900/- Ex. ભુજ અને વધુ
ઉવ્વસગ્ગહરં-કલકત્તા-ચંપાપુરી-બનારસ
સાથે/સિવાય શિખરજી
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા
તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708
E-mail : tanmantravels@yahoo.co.in


**સામાજિક કામની ગતિ ધીમી હોય તેનો અર્થ એમ નથી થતો કે આગેવાનો નિષ્ક્રીય થઈ ગયા છે. ખાસ કરીને જ્યારે નિર્ણય ઘણા લોકોએ સાથે મળીને લેવાનો હોય ત્યારે તેમાં થતો વિલંબ સમજી શકાય તેવો હોય છે.** *- તન - મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND

**કલેશ ઉદ્ભવતાં પાટનો ત્યાગ :** શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિમાં આ વખતે બ્રાહ્મણોના ઝઘડા ચાલતા હતા. સાં. ૧૯૫૦ ની સાલમાં આ ઝઘડાઓનું સ્વરૂપ કાંઈક ઉગ્ર થયું. જ્ઞાતિમાં બે તડ પડી ગયા. બ્રાહ્મનોના તરફદારોનો પક્ષ બહુ હતો. તેમાં પણ શેઠીઆઓ હતા ખરા. પર્યુષણના દિવસોમાં સાત દિવસ તો દુખે કે સુખ પસાર થઈ ગયા પણ શ્રી પર્વ ભાદરવા સુદી ૫ ના દિવસે બ્રાહ્મણપક્ષવાળાઓએ સવારમાં શ્રીજી મહારાજ સાહેબજી પાસે આવી કહ્યું કે અમારા વિના વ્યાખ્યાન વાંચશો નહીં વિગેરે

શ્રીજીમહારાજ પરિસ્થિતિ સમજી ગયા હતા કે આજે જરૂર કાંઈક તોફાન થવાનાં ચિન્હો જણાય છે એટલે બપોરના ૧૧ વાગ્યા લગી તેઓશ્રી બારસા સૂત્ર વાંચવા નીચે પધાર્યા નહીં. શ્રાવક સમુદાય વધવા લાગ્યો. બાર વાગ્યે ઉપાશ્રયનો હોલ ચિકાર ભરાઈ ગયો. શેઠ કેશવજી નાયકના વિધવા પણ આવ્યા. તેમણે તથા બધાએ સાથે મળીશ્રીજી મહારાજને વ્યાખ્યાન વાંચવા પધારવા વિનંતી કરી. સાહેબજીએ બધી વસ્તુ તેઓને સમજાવી, એટલે શેઠીઓને ખાસ માણસો તેડવા માટે મોકલવામાં આવ્યા પણ તેઓ આવ્યા નહિં. એક વાગે શ્રીજી મહારાજ પાટ પર પધાર્યા.

શેઠ કુંવરજી જીવરાજે આખા સંઘને પુછયું કે આજે વ્યાખ્યાન વાંચવું કે નહિં? સમસ્ત સંઘના વાંચવું વાંચવું ના પોકારોથી હોલ ગાજી ઉઠ્યો. શેઠ કુંવરજી જીવરાજ, શેઠ નરશી કેશવજી વિગેરે આખા સંઘે સાહેબજીને વ્યાખ્યાન વાંચવા આગ્રહ કર્યો.

ત્યાં બ્રાહ્મણ પક્ષવાલાઓએ તોફાન મચાવ્યું અને વ્યાખ્યાન અટકાવવા આવ્યા. ગરબડ વધી પડી. વ્યાખ્યાન અટકાવવાના પ્રયત્ન થયા. તેમાં વિવેક ભૂલાયું મર્યાદા ભુલાઈ ધર્મ ચૂકાયો. એક શખ્શે બારસો સૂત્રતા પાના શ્રીજી મહારાજના હાથમાંથી લઈ લેવાનો પણ પ્રયત્ન કર્યો.

બસ થઈ ચુકયું શ્રીજી મહારાજા પાટ ઉપરથી ઉતરી ગયા. એક વિશુધ્ધ હ્રદયી ચારિત્ર્યશીલ ગાદીપતિની આશાતના થઈ અને તેનું પરિણામ અનિષ્ઠ આવ્યું તે સર્વ કોઈ સમઝી જાણી શકે છે.

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શ્રીજીને ફરી પાટ ઉપર બિરાજમાન થવા વિનવવામાં આવ્યા પણ તેઓશ્રીએ કબુલ ન કર્યું. શ્રી વીશા ઓશવાળ સંઘ, શ્રી મહિમાસાગરજી આવ્યા, ભાયખલાથી મોતીશા શેઠવાલા આવ્યા, ગોડીજીથી તપાગચ્છનો સંઘ આવ્યો, અને દરેકે પોતાને ત્યા પધારવા વિંનતી કરી પણ ગાદીપતિએ કલેશ ઉપજવાના કારણે મુંબઈ તજી દેવાનો કરેલો નિશ્ચય ન ફેરવ્યો. છઠ્ઠનું પારણું કર્યા વિના તેઓએ મુંબઈ તજી. તેઓના હાથમાંથી પાના ઝુટવનાર તરફ આખા સંઘનો ભારે તિરસ્કાર ઉપજ્યો અને પોતાના ઝઘડાઓમાંથી આવું ભયંકર પરિણામ આવતું જોઈ દરેકને ખુબ જ લાગી આવ્યું. પણ હવે ઉપાય ન હતો. શ્રીજી છઠ્ઠના દાદર પધાર્યા. અને ચોમાસું પૂર્ણ થતાં કચ્છ તરફ સીધાવ્યા.

મુંબઈ તજી તેઓશ્રી કચ્છ પધાર્યા. ત્યાં ભુજ - પુર, ગોધરા, માંડવી, જખૌબંદર અને તેરામાં ચોમાસાં રહ્યા. એમની વિદ્વતા, વ્યાખ્યાન શૈલી અને રાજ્યવૈભવમાં રહેવા છતાં એમની ત્યાગદશા જોઈ જૈન અને જૈનેતરો મંત્રમુગ્ધ બનતા.

તેઓશ્રી જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં હજારો મનુષ્યો એમના ઉપદેશથી ધર્મમાં દ્રઢોચિત થયા. શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી કે જેઓ સત્તરમાં સૌકામાં શ્રી અચલગચ્છના મહાન ચમત્કારી અને સમર્થ ગાદીપતિ થઈ ગયા. અનેક વિશ્વ સંપ્રદાયી અને શીવપંથીઓને પુનઃ જૈન ધર્મમાં આણ્યા અને કચ્છના ના. મહારાવશ્રીને પોતાની વિદ્વતા અને ચમત્કારથી ભક્ત બનાવ્યા. તેઓ નામદારે તેથી પ્રસન્ન થઈ પોતાની જૈન પ્રજા ઉપર લાગા કરી આપ્યા. એ સંબંધમાં ચરિત્ર નાયક શ્રી જિનેદ્રસાગર સુરીશ્વરજીના વખતમાં ભદ્રસર પાસે વડાલા ગામ છે ત્યાં આ હક લાગાઓની બાબતમાં વાંધો પડતાં રાજ્ય સત્તાથી તે ગામવાલાઓ પાસેથી હુકમી વસુલ કરવામાં આવ્યો. (શ. ૧૯૫૨).

**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**
**અવસર સારીઝ**
• સાચી/ટેસ્ટેડ કસબ અને ઝીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા
92234 25676

તેરા ખાતે તેઓશ્રી ચોમાસુ કરી રહ્યા હતા ત્યારે તેઓની તબીયત નરમ થઈ. ગમે તે થયું હોય પણ તેમને માનસિક અશાંતિ થતાં લગભગ દોઢ મહિનો તેમને ચિંતામાં વ્યતિત થયો. તે દરિમયાન નિદ્રા અને ખોરાક બહુજ અલ્પ લેવાના કારણે મગજ ચલચિત્ત થઈ ગયું. અને લગભગ ગાંડપણ આવી ગયું. આ દરમિયાન તેમની મિલ્કતોનો ખુબજ નાશ થયો. જેને જ્યાં ફાવ્યું ત્યાંથી લાકો હાથ મારવા લાગ્યા શુભચિંતકોએ આ સ્થિતી મટાડવા ખુબજ પ્રયાસો ર્ક્યા પણ પરિણામ કંઈ ન આવ્યું. તેરા ખાતે મોટી રકમો ખવાઈ ગઈ. નોકર ચાકર સર્વેને રજા આપવામાં આવી.

સં. ૧૯૬૦ (ઈ.સ. ૧૯૦૪) ની સાલમાં તેઓ શ્રી ભુજપર ખાતે સ્થિર વાસ કરીને રહ્યા. નિવૃતિમય જીવન ગાળવાતું જ વધુ પસદ કર્યું.

(ઈ.સ. ૧૯૧૧)સાલમાં શેઠ ખેતશી ખીઅસી તરફથી મેળો થયો ત્યારે સુથરી ગામે પોતાના અસલી રજવાડી રીતે તેઓ પધાર્યા હતા. પણ તે પ્રસંગે પૂરતું જ શ. ૧૯૬૯ (ઈ.સ. ૧૯૧૩) ની સાલમાં જખૌ મુકામે શેઠ લખમશી લધાએ મેળો ર્ક્યો ત્યાં પણ તેવી જ રીતે પધાર્યા હતા. પણ તે પણ તેટલા સમય પૂરતું.

શેઠ ખેતશી ખીયશી તરફથી પાલીતાણાનો સંઘ કહાડવામાં આવ્યો. ત્યારે સંઘમાં પધારવા માટે ખુબજ આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવી. શેઠશ્રીની ચાહતા બહુજ હતી. તેઓએ શ્રીજીને પધારવા ખુબ ખુબ પ્રયાસો ર્ક્યા. પણ વૈભવપૂર્વક આવવાની તેઓએ ના પાડી. વૈભવો પ્રત્યે તેઓશ્રીનું મન ઉઠીજ ગયું. સામૈયાઓ થાય, ઠાઠમાઠ રચાય તો નહિજ આવું એમ કહી દીધું.

તેઓશ્રી મુંબઈ પધાર્યા ત્યારે થએલો સત્કાર તેમની ઈચ્છા વિનાજ થએલ છે. એમને એ બાબતની અગાઉથી ખબર હતીજ નહિ - અને જો ખબર પડી ગઈ હોત તો જરૂર સમય ચુકાવી જતે. બાહ્ય વ્યવહારો અને રંગઢંગો પ્રત્યે એમને જરાય મોહ નથી.

***(શ્રી ક.દ.ઓ. પ્રકાશના કારતક ૧૯૯૦ એટલે કે ઓક્ટો - નવેં ૧૯૩૩ ના અંકમાંથી દૂકાવીનો)***

**રીઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના આગ્રહ પ્રમાણે નામ પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ C.D.O. Prakash Samiksha Samiti એમ લખવું જરૂરી છે.**

## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.




## ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડમાં દ્વારા યોજેલ સ્પર્ધાઓ

ક.દ.ઓ. સર્વોદય મંડળ મુલુંડએ તેના સુવર્ણ જયંતીના અવસરે દરેક વય જુથ અને વર્ગ માટે દોડ, લાગોરી, કવીઝ હેન્ડબોલ, અને તરણ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન ૧૫-૧૨-૨૦૧૪થી ૩૦-૧૨-૨૦૧૪ની વચ્ચે કરેલ છે.

આ પગલું ખરેખર સાહસિક અને વ્યવસ્થિત અને ઝીણવટથી કરવામાં આવેલ છે.

દરેક સ્પર્ધામાં ભાગ લેનારાઓને તાલીમ આપવા નિષ્ણાતોને રોકવામાં આવ્યા છે. તાલીમાર્થીઓને તાલીમ આપવા જગ્યાઓ રોકવામાં આવી છે. સ્પર્ધકો માટે પોષાક તૈયાર કરવામાં આવી રહ્યા છે.

આ સ્પર્ધાઓનો મોટામાં મોટો ફાયદો દરેક વર્ગને ખાસ કરી યુવા સ્પર્ધકોને તેમની માનસિક અને શારીરિક શક્તિ વિકસાવવામાં જરૂરી થશે અને બધા જ ને આગળ વધાવાની પ્રેરણા મળશે.

સૌથી મોટો લાભ એ કે જ્ઞાતિનો દરેક વર્ગ એકબીજાની નજીક આવશે. જેથી પરિચય, મૈત્રીભાવ અને ખેલદિલી વિકસશે એમાં શંકા નથી. ભવિષ્યના લીડર પણ તૈયાર થશે.

આ સ્પર્ધાથી થનારા લાભ સામે એની ઉપર થનારો ખર્ચ કંઈ વિસાતમાં નથી.

મંડળના હોદ્દેદારો, કાર્યકરો સ્વયંમસેવકો અને નિષ્ણાતોને ખૂબ જ અભિનંદન.

**- ઉદય લાલજી શાહ - મુલુંડ**

## દીકરીઓની અવાસ્તવિક અપેક્ષાઓ

ઉપરોક્ત શીર્ષક હેઠળ પ્રાગટ થયેલ ચર્ચાપત્રમાં પ્રxસ ના અંક નં ૪૮ માં પોતાની ઓળખ છતી કર્યા વગર લેખ લખવાનું પ્રાયોજન શું છે?

ખેર, આ લેખનાં સંદર્ભમાં કહેવું છે કે, એવા



**Ph.D. થયા અભિનંદન !!**

  

**SRI. PARESH JAYCHAND LODAYA (SUTHARI) (JALGAON)**

Ph.D., B.E. , M.E. , D.B.M. , M.M.S. , A.D.C.S.S.A.A.

SHIKSHA RATTAN PURASKAR SUPER GENIUS AWARD WINNER

**જલગાંવ કે.ડી.ઓ. મહાજનનું સેક્રેટરીપદ પણ શોભાવી ચુકયા છે.**

(M) 98900 94045 / 82374 66370

**અભિનંદન**

- શ્રી પરેશ જયચંદ લોડાયા
- સ્વ. શ્રી જયચંદ કુંવરજી લોડાયા
- માતુશ્રી ચંદનબેન જયચંદ લોડાયા
- શ્રી રવિકાંત પદમશી ગોસર
- શ્રી મીતેશ જયચંદ લોડાયા
- શ્રી દિનેશ ચાંપશી લુઠીયા
- શ્રીમતી પુષ્પા દિનેશ લુઠીયા
- શ્રીમતી શીતલ પરેશ લોડાયા
- કુ. માનસી પરેશ લોડાયા
- વેદાંત પરેશ લોડાયા

લુઠીયા પરિવાર

# ચતુર્થ પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન





ગોરેગામ
(દલતુંગી)





અરિહંતશરણ
૦૮-૧૨-૨૦૧૦



## સ્વ. વિજયાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા

દિન વિત્યા, માસ વિત્યા, વિત્યા ચાર વરસ,
આપની નિખાલસ તસ્વીર થકી, મળે પ્રેરણાનો પારસ,
વર્ષો વિતશે, યુગો વિતશે, સ્મૃતિ આપની અમર રહેશે,
સત્કાર્યોના શીલાલેખને, કાળ પણ નહીં સ્પર્શશે,
ગુમાવ્યા ભલે અમે સ્પંદનો, શીર છત્રને ધબકાર,
રહેશે સદા અમ હૃદયમાં, આપે સિંચેલા સંસ્કાર,
પરિવારમાં ભાસે શુન્યવકાશ, ભરવાના કરીએ પ્રયાસ,
આપની સિધ્ધાંત નિષ્ઠા થકી, પ્રસરે પરિશ્રમની સુવાસ,
પરિવારના આપ હતા મોભ, અમ જીવન સાગરમાં આવી ઓટ,
સ્મૃતિ પટ પર સદાય અંકિત, પણ આંખોથી ઓઝલની ખોટ,
પરમાત્માને કરીએ અમે બે હાથ જોડી પ્રાર્થના, આપનો દિવ્ય આત્મા પામે પરમ પદ એ જ અર્ચના.
ચતુર્થ પુણ્યતિથીએ અર્પીએ છીએ શ્રધ્ધાંજલિ, સ્વીકાજો અમ અંતરની માનભરી ભાવાંજલિ.

**લિ. આપની અમર સ્મૃતિમાં...**

| | | |
|---|---|---|
| પતિ | : | **મણીલાલ ત્રીકમજી ડાઘા** |
| પુત્ર-પુત્રવધુ | : | **ચેતના-સંજય, દીપા-નિકુંજ, ચાંદની-મનોજ** |
| પૌત્ર-પૌત્રી | : | **ઊર્જા, જય, સિધ્ધાર્થ, ઝલક તથા રોનક** |
| દીકરી - જમાઈ | : | **પારૂલ - પંકજ દંડ** |
| દોહિત્ર - દોહીત્રી | : | **ભાવેશ - નિધિ** |
| પુત્રવધુ - પુત્ર તુલ્ય | : | **પ્રતીક્ષા - દીલીપ, હંસા-ચંદ્રેશ, વિમલા - ઝવેરચંદ, ઉષા-દિનેશ, અશોક, બીના-પ્રફુલ, સંગીતા-કાંતિ, પલ્લવી-ગુલાબ, સ્મિતા-કૌશિક, ભાવિકા-શૈલેષ, ચાંદની - ભાવિન** |
| નણંદ | : | **સોનબાઈ ત્રિકમજી ડાઘા તથા બાંયાબેન ઉમરશી ધરમશી** |

**માતુશ્રી રતનબેન ત્રિકમજી દેવજી ડાઘા સમસ્ત પરિવાર (દલતુંગી)**
**માતુશ્રી લીલબાઈ નાંગશી માણેકજી લોડાયા સમસ્ત પરિવાર (નાનીખાવડી)**

એક પણ મા-બાપ નથી, જે ઈચ્છતા હોય કે દીકરી સારા અને સધ્ધર ઘર-પરિવારમાં ન જાય પણ જ્યારે નાના ગામમાં કારકિર્દી કે વ્યવસાયિક પ્રગતિ દેખાતી ન હોય અને આવક ઓછી હોય અને ડીગ્રી હોવા છતાં પણ આવક વધારવાની કોશિશ કરવા કોઈ પણ મોટા શહેરમાં ન જવું એ શું યોગ્ય છે?

બીજું, કોઈ પણ દીકરી પોતાનો જોબ ત્યારે જ છોડે જ્યારે તેને સમકક્ષ પાત્ર મળે. એ ફક્ત છોકરાનાં મા-બાપનાં બંગલો ગાડી અને ગામ જોઈને પસંદગી નથી કરતી. આજની ભણેલી અને સારા જોબમાં સ્થાઈ થયેલી દીકરીઓ પોતાનાં સમકક્ષ અને પોતાનાં પગ પર ઊભો રહી શકે એવા પાત્રને જ પસંદ કરે છે. આજનાં ઘણા છોકરાઓની વધારે આવક નથી તો એમાં વાંક કોનો?

આજના મોંઘવારીના જમાનામાં કોઈ પણ પુરૂષ પાત્રને મુંબઈ આવીને સેટલ થવું અઘરું છે પણ ત્યારે ટૂંક સમય માટે ઘરનાં ભાડાનો ખર્ચ બચાવવા કોઈ યુવતી કે તેના માતા-પિતા પોતાની સાથે રહેવાનો પ્રસ્તાવ મૂકે એમાં ખોટું શું છે? એનો અર્થ ઘર જમાઈ બનાવવાનો છે એમ માની લેવું ? આવા પ્રસ્તાવ પાછળ ફક્ત હેતુ દીકરીને જમાઈના પૈસા બચાવવાનો જ હોય છે.

સગાઈ કે લગ્ન તૂટે છે ત્યારે બંને પક્ષને એટલું જ દુ:ખ હોય છે. શારીરિક, માનસિક અને આર્થિક તકલીફ દીકરીવાળાને પણ એટલી જ થાય છે. કદાચ ખરેખર માનસિક સંતાપ દિકરીને વધુ હોય છે, કારણ કે તેને બધુ છોડીને જવાનું હોય છે.

આ લેખમાં જે વાત છપાઈ છે કે ૮૦% વાંક છોકરીઓમાં છે તે સદંતર ખોટી છે કારણ કે સગાઈ કે લગ્ન પછી જ અમુક સત્ય હકીકત ખબર પડે છે. દીકરીવાળા તપાસ કરે અને ખબર પડે તો એ પણ તેમને ગમતું નથી. શું તપાસ કર્યા વગર દીકરી આપવી? બાકી દીકરીઓ બધી રીતે યોગ્ય પાત્ર હોય તો મુંબઈ, બહારગામ કે ફોરેન પણ જાય છે.

બાકી દીકરીના મા-બાપને જ દીકરીની પીડા ખબર પડે.

**- એક જ્ઞાતિજન**

## જ્ઞાતિને એકઝુટ વસાવવાની આવશ્યકતા છે.

૧. અંક નં. ૪૦ માંનો આપનો રાયપુર સંમેલન વિશેનો અગ્રલેખ ઉત્તમ રહ્યો પણ આપણા જ્ઞાતિના પદાધિકારીઓ નિષ્ક્રીય છે તેમજ જ્ઞાતિજનો પણ ઉત્સાહિત નથી.

૨. રાપરગઢવારી મધ્યે સમસ્ત જ્ઞાતિ જોગની જાહેરાત વાંચી. આપણા ધર્મપ્રેમી ભાઈ બહેનો વ્રત રાખતા હોવાથી વ્યક્તિ દીઠ રૂા.૨૦૦૦ નકરો માસિકનો રાખેલ છે તે અતિ-ઘણો વધારે કહેવાય રૂા. ૨૦૦/૨૫૦ હોવા જોઈએ.

૩. શ્રી માનવજ્યોતના સેવાભાવી કુલીનકાંત લુઠીયા સમાજની ઉત્તમ સેવા કરી રહ્યા છે. ખુબજ અભિનંદનને પાત્ર છે. કચ્છ મધ્યે શ્રી પ્રબોધ મુનવર પણ ઉત્તમ સમાજસેવા કરી રહ્યા છે. તેઓ પણ અભિનંદનને પાત્ર છે.

૪. અત્યારે જ્ઞાતિને એકઝુટ વસાવવાની આવશ્યકતા છે. જ્ઞાતિના માતબર લોકો ધારે તો તેમ કરી શકે છે.

૫. ઉદ્યોગ ધંધા ખોલી જ્ઞાતિના લોકોને કામે લગાડી શકાય. જેથી એક બીજાનો સંપર્ક રહે છે. અત્યારે આંતર જ્ઞાતિય લગ્નો વધતા જાય છે, તે અટકાવી શકાય.

૬. આપણા ગુરૂ મહારાજો પોતાની વાહ વાહ ખાતર જ્યાં આપણી વસ્તી નથી ત્યાં મંદિરો ઊભા કરાવે છે, ત્યાં કચ્છમાં જખ બહુતેરા પાસે ઈન્દુધામ બંધાયુ-કોડાય પાસે બહુતેર જિનાલય બંધાયું. વડાલા તીર્થને આધુનિક બનાવી રહ્યા છે.

૭. યવતમાલ મધે-આપણા માત્ર ૧૬ ઘર છે ત્યાં શ્રીકલાપ્રભશ્રી પધારેલ તેમણે કહ્યું કે અચલગચ્છનું અલગ દેરાસર જોઈએ, જેથી ત્યાંના ૮ ઘર અલગ પડ્યા. ફંડ ફાળો કરી દેરાસર ઊભું કર્યુ. ખરી રીતે આપણે જયાં વસતા હોઈએ ત્યાંના મોટા પક્ષ સાથે મળી ને રહેવું જોઈએ.

૮. આપણા વડીલો દેશમાં અલીશાન મકાનો બાંધી ગયા. અમોએ બે વરસ પહેલાં કચ્છ જઈ જોયું તો મકાનો ખંડેર હાલતમાં પડુ પડુ થઈ રહ્યા છે. ગામનાં લોકો ધ્યાન આપતાં નથી. સરવાળે બહારનાં લોકો કબજો કરી લેશે.

**- હીરજી કુંવરજી જીવાણી**

## શૈક્ષણિક પ્રકાશ : CBSE ધો.૧૨મીના પુનમૂલ્યાંકન નિયમોમાં ફેરબદલ

**સંકલન : મહેશ કાંતિલાલ મોતા** (જલગામ - કુવા પધર) મો. 0940449830

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫થી CBSE બોર્ડના ધોરણ ૧૨મીના વિદ્યાર્થીઓ માટે એક ખુશખબર છે. ચાલુ વર્ષથી આ વિદ્યાર્થીઓ માટે ઉત્તરપત્રિકાનું પુનઃમૂલ્યાંકન/પુનઃતપાસણી [Revalution] યોજનામાં મોટા પાયે ફેરબદલ કરવામાં આવેલ છે.

હાલમાં ફક્ત ૧૨મીનાં વિદ્યાર્થીઓને અંગ્રેજી, હિંદી,ફિજીકસ, કેમેસ્ટ્રી, મેથ્સ, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર એમ ફકત ૭ વિષયોમાં જ પુનઃમૂલ્યાંકન માટે અરજી દાખલ કરી શકાય છે. તેમજ આ પ્રત્યેક વિષયના વધારેમાં વધારે ૧૦ પ્રશ્નો માટે જ પુર્નતપાસણીની માગણી કરી શકાય છે.

પરંતુ ચાલુ વર્ષથી CBSE બોર્ડ વધારેમાં વધારે વિષયોનું પુનમૂલ્યાંકન માટે વિચારી રહ્યું છે તેમજ ૧૦ પ્રશ્નોની શરત પણ રદ કરવામાં આવશે અને હવેથી ૧૦ પ્રશ્નોના બદલે ૧૫ પ્રશ્નો માટે પુનમૂલ્યાંકનની અરજી કરી શકાશે. આમાં પ્રતિ એક પ્રશ્નના પુનમૂલ્યાંકન માટે રૂ.૧૦૦/- જેટલો રૂ. ચાર્જ કરવામાં આવશે.

ઉપરોક્ત નવી યોજના ચાલુ થયા પછી વિદ્યાર્થીઓ આગળ ૩ પર્યાય ઉપલબ્ધ થશે. વિદ્યાર્થી તેને મળેલા માર્કસ બાબત સંતુષ્ટ નહી હોય તો, પ્રથમ Verification of Marks(ગુણ પુર્નતપાસણી) માટે અરજી કરી શકે છે. તેના પછી તે ઉત્તરપત્રિકાનો ફોટો કોપીની માગણી કરી શકે છે. એ પછી પણ તેને Revaluation પુનઃમુલ્યાંકનની કરવાની આવશ્યકતા ભાસે તો તેને પ્રત્યેક વિષયમાં ૧૦ના બદલે ૧૫ પ્રશ્નો માટે Revalation કરાવી શકાશે. તેમજ માર્કસમાં કોઈપણ ફેરબદલ થયો તો તે વિદ્યાર્થીને નવી માર્કસશીટ આપવામાં આવશે.

### ઓકસફર્ડનો ઈ-કોર્સ

ઓકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા શાલેય વિદ્યાર્થીઓ માટે ઈંગ્લિશ સ્પીકીંગ અને લિસનીંગ માટે (બોલવા અને સાંભળવા માટે) કૌશલ્ય વધારવા, એક વિશેષ કોર્સ ઈ-કોર્સ લોંચ કરવામાં આવેલ છે. આ કોર્સની રચના વિદ્યાર્થીના જ્ઞાન એકડેમિક અને વ્યવસાયિક આવશ્યકતાનુસાર કરેલ છે. ધોરણ પહેલીથી ધોરણ દસમી સુધીનાં વિદ્યાર્થીઓને તેનો લાભ થાય તે દૃષ્ટિથી કોર્સ તૈયાર કરેલો છે. આમાં ઓડિયોસીડી અને મલ્ટીમીડિયાના તંત્રજ્ઞાનના મદદથી શબ્દોચ્ચાર વાક્ય તૈયાર કરવા અને વ્યાકરણ ઉપર જોર આપવામાં આવેલ છે.

### I.E.L.T.S.માટે બ્રિટિશ કાઉન્સેલનો એપ

બ્રિટિશ કાઉન્સીલ દ્વારા Internantion English Langauage Testing System [I.E.L.T.S] પરીક્ષા માટે એક વિશેષ એપ્લીકેશન તૈયાર કરેલ છે. I.E.L.T.S.-Ways નામનો આ એપ વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલવાના લગભગ ૧૦૦૧ નમુના બતાવવામાં આવેલ છે.

વિવિધ દેશોમાં અંગ્રેજીના થનારા અલગ અલગ ઉચ્ચારોનું વૈવિધ્યપણું આમાં બતાવવામાં આવેલ છે.

આ એપમાં ગેમ, વ્હિડિયો અને રેકોડીંગની સુવિધા પણ છે. આ સિવાય ફેસ -ટુ-ફેસ સ્પિકીંગ સેક્સન પણ છે. આ દ્વારા વિદ્યાર્થી પોતાની તૈયારીની ટેસ્ટીંગ પરીક્ષણ કરી શકે છે. I.E.L.T.S આ વિદેશી વિદ્યાપીઠમાં પ્રવેશ માટે પાત્રતા પરીક્ષા તરીકે ઓળખાય છે.

દર વર્ષે લગભગ ૨૦ લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે છે. દુનિયાભરની ૧૦૦૦થી વધારે વિદ્યાપીઠોમાં આ પરીક્ષાના માર્કસ ઉપર જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

### માયનોરિટી સ્કોલરશીપની સુવર્ણતક

મહારાષ્ટ્ર રાજ્યમાંના વિદ્યાર્થીઓ, જે એન્જિનીયરીંગ, મેડીકલ, સી.એ., સી.એસ., એલ.એલ.બી. જેવા ટેકનીકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટે પ્રવેશ લીધેલ છે, તેવા વિદ્યાર્થીઓને મહારાષ્ટ્ર રાજ્ય તર્ફે અલ્પસંખ્યાંક માયનોરિટી શિષ્યવૃત્તિ મેળવવા માટે અંતિમ સુવર્ણ તક પ્રદાન કરેલ છે. તેનો લાભ લેવા જ્ઞાતિના વિદ્યાર્થીઓને અત્રેથી જાહેર કરવામાં આવે છે.

*અનુસંધાન ૨૫માં પાને*

## KDO VENTURE CAPITAL

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

Few months back my articles about the idea, concept and creation of a KDO Chamber of Commerce, Services & Industry and organising of an International Seminar of IT and ITES of the KDOs were published in Prakash Samiksha. There has been a positive and commendable response from many Social entrepreneurs of our community. Shri Milan Shah from Pune has suggested to combine them and these similar types of activities can be done under the banner of the proposed KDO Chamber of Commerce, Services & Industry. He also suggested that this proposal may be forwarded to the organisers of the forthcoming KDO Gnati Sammelan at Raipur for discussion and deliberation for some concrete decision towards the welfare of the community at all India level. I thank him for the idea. But I am of the humble opinion that if this is taken up by one or more Mahajans and sent to the organisers of the KDO Gnati Sammelan at Raipur it will be more appropriate.

In furtherance to the idea of the KDO Chamber of Commerce, Services & Industry, I have following ideas and proposals, which can be taken up under the auspices of the Chamber.

The first idea is about the VENTURE CAPITAL OF the KDOS, FOR the KDOs and BY the KDOs. The talent of the young KDOs is visible in their academic careers, Post study careers and entrepreneurship. Since decades the community feels that if at right time, to a right candidate, right financial help and moral support is made available, our youngsters can do wonders. Our community has number of stories of individuals who have risen from rags to riches and because of these factors many KDOs have made their careers. However at present, the need for this is greater for the talented younger generation. Youngsters from tier 3 and 4 towns and cities are migrating to mega and Tier 1 cities for jobs as there are no suitable opportunities resulting in social imbalance. Can we attempt to develop a solution for this?

People who solve problems must somehow first arrive at the belief that they can solve problems. This belief does not emerge suddenly. The capacity to cause change grows in an individual over time as small scale efforts lead gradually to larger ones. But the process needs a beginning – a story, an example, an early taste of success – something along the way that helps a person from the belief that he can solve the problems himself. Hence their story must be told.

There are many stories all over. But let me share one known success story of Shri Vipul Narendra Luthia, B.Com. ( age 38 years) of Gadag. It is a town where migration of youngsters started since 35 years. Today its KDO population is 35% of what it was 35 years back. After completing education at Gadag and a two year stint in a job at Mumbai, he came back to Gadag as per the desire of his parents. With a computer taken on loan in the year 2000 and a tally package, he started


Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

providing his services to business people in accounts from his residence. The first and second clients were KDOs. When he had twenty accounts, he hired an office. Today he has 150 accounts and 10 accounts staff, 200 e-TDS accounts and now operates from his owned office, lives in his own recently constructed bungalow, has a mid segment car and 3 Acres of Agricultural land. He is a promoter Director in a Bengaluru based P. Ltd. company providing Tally based customised package services. He provides an example to an adage that " If we all did the things we are capable of doing, we would literally astound ourselves".

To create and repeat such success stories in every town were KDOs are residing, I have cut out and visualised a special role for the KDO Chamber of Commerce, Services & Industry. The brief outline of this as under:-

1. We will have a division in our Chamber which will co-ordinate and function as a mediator between KDO venture capitalist/s and the prospective Entrepreneur, just like the present centralised education loan/ freeship/ scholarship system in our community. It will prepare and publish all its guide lines and requirements for fund requirement and disbursement.

2. This division will professionally approach and identify the KDO venture capitalists and their risk appetite, returns expected and all other related details. Have a ready centralised list of such philanthropists.

3. The prospective Entrepreneur has to approach the Chamber with needed papers and documents and project report through respective Mahajan, which will forward it with its written as well as oral comments.

4. Chamber will get its due diligence done by outsourcing, preferably by professionals of the community in a professional way.

5. If found satisfactory the fund will be disbursed on the agreed terms, including its service fee.

Each deal will be customised depending on the facts and circumstances of the case.

6. If the required funds are insufficient, the Chamber may arrange the resources from other venture funds.

7. Every decision will be on merit only and will be dealt with professionally.

8. It will organise seminars, conferences and workshops relating to its objects for the betterment of the community.

---

## સાભાર સ્વીકાર: 'કચ્છ - અર્પણ' નો (તંત્રી : નવીન પટેલ (વડોદરા)

**'કચ્છ - અર્પણ'** નો (તંત્રી : નવીન પટેલ (વડોદરા) **'શૌર્ય વિશેષાંક'** તરીકે બહાર પડેલ છે મુખપૃષ્ઠ પર કચ્છનું સફેદ રણ અને તેના પર પૂર્ણકળાએ ખીલેલા ચંદ્રને નયનરમ્ય બતાવેલ છે.

શૌર્ય કથાઓમાં વિનુભાઈ ગજ્જર દ્વારા **'કચ્છના પરાક્રમી કુંવર હાલાજી'**, નવીન પટેલ સંકલિત **'કચ્છ અને ભારત પાકિસ્તાન યુદ્ધ'**, સ્વામી સચ્ચિદાનંદ દ્વારા **'સુમરીઓ અને અબડા જામ'**ની ઐતિહાસિક કથા, વિશ્રામ ગઢવી **'બેમિશાલ રાજભક્ત : મિટકા ચારણ'** અને **'રાઈડસ ઓફ રણ'** (ફોટો સ્ટોરીને) અને તો નોણશી મીઠીઆ લિખિત **'કચ્છ જિચું ઐતિહાસિક ઈમારતું'** માં કેરા ગામની મુલાકાત નું વર્ણન તેમજ લાલ **'લાલ ચુંદડી'** માં ડો. ગિરીશ વીછીવોરા, **'માસીબા'**, માં છે રવિ પેથાણી તિમિર તો **'વાતો વાતોની'** માં ડો. ગુલાબ દેઢિયા, એ અંક ને ભરસક રસપ્રદ બનાવ્યો છે.

કચ્છી ચોવકો (કહેવતો અને રૂઢીપ્રયોગની નવી કોલમ **'ચોવક કથા'** કચ્છી ભાષા પ્રેમી લાલજી મેવાડા 'સ્વપ્ન' કવિ 'તેજ' ની કચ્છી રચના **'ટીટોડી ટહુકા કરે'** નો ગુજરાતી અનુવાદ, **'આપણી વિરાસતો'**માં પ્રમોદ જેઠી ફતેહ મામદનાં મામાનાં ગામ રતીયાના એક સ્થાપત્યને વર્ણવે છે. **'આપણી વેબસાઈટ'** માં ગુજરાત સરકારના પ્રવાસન વિભાગની વેબસાઈટ www.gujarattourism.com નો પરિચય અપાયો છે. **વતનનાં વાવડ, વડોદરા વૃતાંત, કીચન કોર્નર અને કચ્છી પુસ્તક** મેળો (કચ્છી લેખકોનાં પુસ્તકો ઘેર બેઠો મેળવવાની સવલત ને લીધે પણ ઉપયોગી માહિતી અપાયેલ છે. આમ સત્વશીલ પ્રકાશન બદલ તંત્રીશ્રીનો હાર્દિક અભિનંદન.

## જીવનમાં બેલેન્સ જાળવો (યોગ અને સ્વવિકાસ

**વનિતા**



**વિશ્વ**

જીવન એટલે જ સંતુલન જાળવવાની કળા. આપણે ઘણીવાર બોલીએ છીએ કે બધું માપમાં સારું લાગે અથવા આણે તો બધી હદ જ વટાવી દીધી છે. આ માપ, હદ વિ. બેલેન્સનો જ સંકેત કરે છે. હવે આપણે નજર કરીએ આપણા જીવન પર. આપણા એટલે પોતાનાં અને આપણા પરિવારજનોના જીવનમાં બેલેન્સ છે? ખાસ કરીને આપણાં બાળકોનાં જીવનમાં આપણે બેલેન્સ રહેવા દીધું છે? જૂન મહિનામાં શાળા શરૂ થાય ત્યારથી, આપણે બાળકોને ભણવાનાં નામે શું કરાવી રહ્યા છીએ? ચોવીસ કલાકમાંથી કેટલાં કલાક માત્ર અભ્યાસ અને અભ્યાસ જ કરાવીએ છીએ? શાળામાં ભણવાના કલાક કેટલા? ટ્યુશન કે કોચિંગ ક્લાસના કલાક કેટલા? આ બધામાં આવવા જવાનો સમય કેટલો? જરા આ સમયનો હિસાબ તો કરજો! એ પછી એની પાછળ ખર્ચાતાં નાણાં અને શક્તિનો હિસાબ માંડજો! એથી ખબર પડશે કે બેલેન્સ નથી.

ચાલો જરા ખુદ પર નજર કરીએ. આપણે ચોવીસ કલાક શું કરીએ છીએ? ગૃહિણી હોય તો ઘરકામ, રસોઈકામ, સાફસફાઈ અથવા નોકરો પાસેથી આ બધું કરાવીએ. નોકરી કરતી મહિલા હોય તો આ બધી જવાબદારી સાથે ઓફિસકામ. જો તમારો બિઝનેસ કે પ્રોફેશન હોય તો તેને લગતું કામ. આ બધા કામોની સાથે આપણે ફોન, ટી.વી., કંપ્યુટર ચોવટ - પંચાત, ફરિયાદ, અસંતોષ, સરખામણીમાં કેટલો સમય અને શક્તિ વાપરીએ છીએ. હિસાબ માંડીએ તો ખ્યાલ આવી જશે. બાકી હોય તેમ સતત બાળકોની ફિકર સાથે બિનજરૂરી સંભાળ, ભૂતકાળનું ટેન્શન અને ભવિષ્યની ચિંતા. અધધધ...

આ બધુ જેતાં લાગશે કે બેલેન્સ નથી.

હવે જ્યારે બેલેન્સ ન હોય તો શું થાય? પડી જવાય જો આપણે બે પગ પર ઊભા રહીએ અને બેલેન્સ ન રહે તો શું થાય? પડી જવાય ને? એમ જીવનમાં આપણે કે બાળકો બેલેન્સ ન જાળવવાથી પડી જઈએ છીએ. ક્યાં અને કેવી રીતે પડાય? તો આપણા સહુનો અનુભવ છે કે સારી રીતે ભણેલ હોય, સારી ડિગ્રીઓ હોય, સારાં માર્ક્સ આવ્યા હોય પણ જવાબદારી લેવામાંથી પડી જાય, ટી.વી. જોવામાં પડી જાય, ખરાબ સોબતમાં પડી જાય, મોબાઈલ પર વ્હોટસએપ પર કે ફેસબુક પર ચેટિંગમાં પડી જાય. તબિયત - સ્વાસ્થ્યમાં ગાબડું પડી જાય, ખરાબ ટેવો (જૂઠ્ઠું બોલવું, ચોરી કરવી, સિગારેટ, દારૂ, ગુટકા વિ.) પડી જાય. આ બધાનું કારણ જીવનમાં બેલેન્સ નથી, જવાબદારી નથી, જાગૃક્તા નથી. આમાં બેલેન્સ કઈ રીતે લાવવું? શરૂઆત સવારનાં ઊઠીને અમુક સારી ટેવો કેળવવાથી કરીએ. આ ટેવો આપણા અને બાળકો બંન્ને માટે ઉપયોગી છે. આ વેકેશનમાં આ રોજિંદી આદતો જોઈ, જાણીને બદલીએ.

૧. આજનો ટ્રેન્ડ, મોડા સૂવું, મોડા ઊઠવું : રાત્રે મોડે સુધી ગામગપાટાં મારી, ટી.વી. જોઈ પોતાની કીમતી ઊંઘ બગાડી ને અર્થ વગરનો ઊજાગરો જેઓ કરે છે તેમને વહેલાં ઊઠવામાં મુશ્કેલી પડે છે. સવારે ઊઠીને થાક જણાય છે. આખો દિવસ સુસ્તી રહે છે. મોડા સૂવાથી રાત્રે લીધેલો ખોરાક બરાબર પચતો નથી. અજીર્ણ, ગેસ, કબજિયાત વગેરે રોગો થાય છે. મોડા ઊઠવાથી મહત્વનાં કાર્યો ધાર્યા મુજબ થતાં નથી. એની બદલે રાત્રે નવ - દસ વાગે સૂઈ જાવ અને સવારે ૫ - ૬ વાગે ઊઠીને ફરવા જાવ, સાયકલિંગ કરો, સ્વીમિંગ કરો. આજની પેઢી રાત્રે સિનેમાં, ક્લબ, ડિસ્કોમાં જઈ પોતાની યુવાનીનાં કીમતી વર્ષો વેડફે છે, ઊજાગરો એમને મન રમત છે પણ અમુક સમય પછી શરીરમાંથી શક્તિ ખૂટી જાય છે, માંદગી આવે છે માટે આદત બદલીએ. બેલેન્સ લાવીએ.

૨. મોંની સ્વચ્છતાઃ આજકાલ દાતણ તો જાણે વિસરાઈ જ ગયા છે. બ્રશે સ્થાન લીધું છે. મોટે ભાગે બધાના દાંત પીળા અને ચીકણા દેખાય છે. ખાસ કરીને બાળકોના. એની ચોખ્ખાઈ માટે નરમ બ્રશ લેવું, થોડીવાર ગરમ પાણીમાં પલાળી પછી ટૂથપેસ્ટ કે દંતમંજન સાથે બ્રશને દાંત પર ધીરે ધીરે ઘસવું, વધુમાં વધુ ૩ મિનિટ માટે

અથી વધારે ઘસવાથી નુકસાન થાય છે. ઘસતી વખતે ગંદુ થૂંક બહાર થૂંકી નાખવું. એ પછી જીભ પરની ચીકાશ/ છારી / ઊલ, ઊલિયાથી ઉતારવાની છે. ઊલિયું ઠેઠ જીભનાં મૂળ સુધી લઈ જઈ ઊલ સાફ કરી લેવી જોઈએ. જો આ બરાબર સાફ નહિ થાય તો તે શ્વાસોચ્છ્વાસનો રોધ કરશે. એ પછી મોંની અંદર તાળવા પર જમણાં અંગૂઠાને ભીનો કરી મસાજ કરવું એથી દૂષિત વાત - પિત્ત - કફ બહાર આવશે અને શરદી - ઉધરસ નહિ થાય. ઘણા લોકો ઉપવાસ કરે તો બ્રશ ન કરે પણ જો તમે ગરમ પાણી સાથે એક અલગ બ્રશથી દાંત ઘસો, જીભની છારી કાઢો, તાળવાને મસાજ કરો તો આનો કોઈ બાધ નથી. મોંની સ્વચ્છતાનો તન - મનનાં સ્વાસ્થ સાથે સીધો સંબંધ છે.

૩. કુદરતી હાજતને ક્યારેય ન રોકો : ઘણા બાળકો કે મોટાઓ કામકાજને લીધે કે પછી ચોખ્ખા ટોયલેટના અભાવે પેશાબની હાજતને રોકે છે. આમ કરતાં ૩ - ૪ કલાક થઈ જાય, પરિણામે શરીરનાં જ્ઞાનતંતુઓ નબળાં પડી જાય, ઉપરાંત લોહીમાં એક પ્રકારનું ધીમું ઝેર ભળે છે. કિડનીની કામ કરવાની શક્તિ ઘટે છે. એવી જ રીતે પાણીની તરસ લાગે પણ કામના લીધે સમયસર પીવામાં ન આવે તો અજીર્ણ, કબજિયાત, એસીડીટી વિ. રોગો થાય. બ્લડપ્રેશર પર અસર થાય. એવી જ રીતે દસ્ત - ઝાડો કલાકો સુધી રોકવાથી માથાનો દુખાવો, ચામડીના રોગો થાય. શરીરમાં ગરમી અને અશુદ્ધિ વધે માટે ગમે એવા કામની ધમાલમાં પણ શરીર પ્રત્યેની ફરજ ન જ ભૂલવી જોઈએ. આ ટેવ બદલીએ.

૪. વ્યાયામ પ્રત્યે બેદરકાર : કોને ખબર કેમ પણ આપણી ગજરાતી પ્રજાને કામ - ધંધા - વેપારમાં જેટલો રસ છે એનો અડધો રસ પણ સ્વાસ્થ્ય બાબત નથી. આપણે સાહસિક, બુદ્ધિશાળી છીએ, મહેનતુ પણ ખરા પણ શારીરિક સ્વાસ્થ્ય નબળું છે, કારણ વ્યાયામની ટેવ જ પાડી નથી. રોજ જ ૧૦ - ૧૫ કે ૩૦ મિનિટ નિયમિતતાથી કંઈક આજથી જ, અત્યારથી જ ચાલુ કરી ધ્યો તો બાળકો પણ શીખશે. તો તેમનાં પણ શરીર સુદૃઢ, બળવાન, ખડતલ બનશે. આપણી પાસે પૈસારૂપી ધન છે પણ તંદુરસ્તીરૂપી ધન નથી. વ્યાયામને ઉંમર સાથે સંબંધ નથી, ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો આ આદત કેળવે. નિયમિત વ્યાયામથી શરીરમાં પૂરતાં પ્રમાણમાં જીવનશક્તિ મેળવી શકાય છે. તો ચાલો જીવનમાં બેલેન્સ લાવીએ, સારી આદતો કેળવીએ.

- *સંકલિત*

**TEEN TWINKLE** Cond.... page 21

be studied, darkness cannot be Darkness is a term that we humans have created to describe what happens when there is lack of light.: -

Student: ‘sir, Evil does not exist. Just as in the previous cases, evil is a term which man has created to describe the absence of God’s presence in the heart of a man.”

Is there anyone in class who has ever seen or felt or heard the professor’s brain? Felt it? Or smelled it?.. No one appears to have done so. With all due respect, how do we trust your lectures, sir?

The room is silent. The professor stares at the student.

Professor : I guess you’ll have to take them on faith, son

Student : That’s it sir… the link between MAN and GOD is faith that is all that keeps things moving and alive.

This young student was ALBERT EINSTEIN.

**Proverbs are lamps to life**

He who wished the good of other, has already secured his own.

When we are good to others, we are good to others, we are best to ourselves.

Speech is the index of the mind

**Amazing facts about rhinos**

The horns of rhinoceros are not bony. They are composed of masses of horny fibres bound firmly together.

The horns are used as a weapon against large flesh eating animals and man.

The horn grows throughout life and if lost, is reproduced.

The rhinos have poor eyesight but their sense of smell is keen.

The rhinos wallow in mud which helps protect their skin from files while they cool off.

The mother calf bond may last up to two years. The calf is deserted by the mother before she gives birth to the next offspring. The old calf may later rejoin when the new calf is several months old.

## TEEN TWINKLE

Compilations And Contributions by
Mrs. Neelam Dalesh Momaya M/s. Damji Bhimji Co, Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Interesting Anecdotes :**

Professor of philosophy was speaking to his class on the problem between science and existence of God, the ALMIGHTY.

He Asked some of his new student to stand and…

Professor: So you believe in God?

Student : Absolutely sir.

Professor : is God good?

Student : sure

Professor : Is God all powerful?

Student : yes

Professor : My brother died of cancer even though he prayed to God to heal him. Most of us would attempt to help other who are ill. But is this God to them? Hmm?

Student is silent

Professor : tell me son, is there evil in this world?

Student : yes

Professor : Evil is everywhere, isn't it? And god did make everything is it correct?

Student : yes

Professor : So who created evil?

Student does not answer

Professor : Is there sickness? Immortality ? Hatred? Ugliness? All these terrible things exist in the world, don't they?

Student : Yes, sir,

Professor : so who created them?

Student had no answer.

Professor : science says we have five senses which we use to identify and observe the world around us. Tell me, son….. Have you ever seen, heard or felt or tested or smelled God? Have you ever seen any sensory perception of God for that matter?

Student : no, sir, I'm afraid I haven't.

Professor : Yet you still believe in him?

Student : Yes, I have my faith in Him

Professor : Yes faith and that is the problem science has.

The professor concluded and said that he proved that "belief in God" was a fairy tale, and therefore absolutely worthless.

Student : May I pose a question?

Professor : Of course

Student : Sir, is there a thing as heat?

Professor : Yes

Student : And is there such a thing like cold?

Professor : Yes

Student : No sir, there isn't

The lecture room became very sudden at the sudden turn of events.

Student : Sir, you can have lots of heat, even more heat, superheat, a little heat or no heat. But we don't have anything called cold. We can have 458 degrees below zero, which is no heat, but there is no such thing as cold. Cold is only a word used to describe the absence of heat. We cannot measure cold. Heat is energy. Cold is not the opposite of heat.

There was pin drop silence in the classroom.

Student : What about darkness, Sir? Is there such a thing as darkness?

Professor : Yes What is night if there is no darkness?

Student : "again you are wrong sir, Darkness is in fact simply the absence of light. Light can

condt... 20

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

## આરોગ્ય પ્રકાશ: આરોગ્યવર્ધક આભૂષણો

સુહાગની નિશાની તરીકે ઓળખાતા આભૂષણો માત્ર નારીની સૌંદર્ય વૃદ્ધિ કે ફેશન પૂરતા જ મર્યાદિત નથી હોતા. નારી દ્વારા પહેરવામાં આવતા વિવિધ પ્રકારના ઘરેણાઓ તેના પતિ એટલે કે સુહાગ માટે પહેરવા જ જોઈએ એ એક પેઢી દર પેઢીથી ચાલી રહેલી પરંપરાગત પ્રણાલિકા માત્ર છે. ખરેખર તો એક્યુપંક્ચર નિષ્ણાતોના મતો સ્ત્રીઓ દ્વારા પહેરાતા આભૂષણોએ સ્ત્રી માટે સ્વાસ્થ્યવર્ધક છે.

મનુષ્યના કાનની રચના માતાના ગર્ભમાં રહેલા બાળકના આકારની હોય છે તેથી તેના કારણે સંપૂર્ણ શરીર પ્રભાવિત થાય છે. કાનમાં જ એવા અનેક પોઈન્ટ છે જેના દ્વારા શરીરના અનેક અંગો પ્રભાવિત થાય છે. કાનમાં પહેરવામાં આવતી રીંગ અને ટોપ્સ એ એક્યુપંક્ચર અને એક્યુપ્રેશરના સિદ્ધાંત મુજબ કામ કરે છે. જે ભાગમાં ટોપ્સ પહેરવામાં આવે છે તેને આઈ પોઈન્ટ કહે. છે તેને વીંધવાથી આંખોને સારો ફાયદો થાય છે અને આજ કારણે બહેનોની આંખો વધારે સારી હોય છે.

કાનની પાછળના ભાગે આવેલા વચ્ચેના ખાડાના ભાગમાં રીંગ પહેરવાથી એક્યુપંક્ચરની રીતે ફેફસાં અને હૃદયને ફાયદો થાય છે. કાનના ઉપરના ભાગે રીંગ પહેરવાથી હાઈડ્રોસીલની બીમારીમાં ફાયદો થાય છે.

એક્યુપંક્ચર અને એક્યુપ્રેશરના સિદ્ધાંત અને એક્યુપ્રેશરના સિદ્ધાંત પ્રમાણે નાકમાં નથડી પહેરવાથી શરદી, સાઈનસ, મ્યુક્સ મેમ્બ્રેન, માથાનો દુઃખાવો જેવી તકલિફોમાં ફાયદો મળે છે તે ઉપરાંત નાકની અંદર રહેલા તમામ પ્રકારના અવરોધો નાકમાં નથડી પહેરવાથી દૂર થાય છે.

આપણી ગરદનના પાછળના ભાગે તેમજ તેની આસપાસ અનેક મહત્વના પોઈન્ટ આવેલા હોય છે. ડોકમાં હાર પહેરવાથી ગરદનની આજુબાજુના પોઈન્ટ પર દબાણ આવે છે. જેના લીધે અંતરસ્ત્રાવી ગ્રંથીઓ સારી રીતે કામ કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધે છે. નર્વસ સિસ્ટમ પણ મજબુત બને છે. મગજ પર ભારણ રહેતું નથી. મગજને થાક લાગતો નથી. ડોકમાં હાર પહેરવાથી હાથમાં ઝણઝણાટી આવતી હોય તો તે બંધ થઈ જાય છે તે ઉપરાંત હારનું પેંડલ છાતી પર રહેતું હોવાથી લીવર અને ફેફસા મજબુત બને છે. ઘણી બહેનો રૂદ્રાક્ષના પારાનું પેંડલ પહેરે છે તે તો અત્યંત ગુણકારી બને છે.

હાથની આંગળીઓમાં વીંટી પહેરવાથી પોઈન્ટ પર દબાણ આવે છે. તેનાથી આંખ, કાન તથા ગળાની તકલીફો દૂર થાય છે તે ઉપરાંત એસીડીટી, અપચો અને પેટની તકલીફોમાં રાહત રહે છે. હાથના કાંડા પર બગડી કે કડા પહેરવાથી કાંડા પર આવેલા લંગ્સ અને હાર્ટના પોઈન્ટ પર પ્રેશર આવે છે જેને લીધે હૃદયની તકલીફો ઊભી થતી નથી તેમજ શ્વાસ તથા તેની સાથે જોડાયેલી અન્ય બીમારીઓમાં રાહત રહે છે.

પગમાં પહેરવામાં આવતા કડલા કે ઝાંઝર પહેરવાથી પગની તકલીફો ઉપરાંત મહિલાઓની સમસ્યા સંબંધિત દરેક પ્રકારની તકલીફમાં રાહત રહે છે. શરીરનું બ્લડ સર્ક્યુલેશન વધે છે હંમેશા સ્ફૂર્તિ અનુભવાય છે.

પગની આંગળીઓમાં પહેરવામાં આવતા વીંછી - વેઢને લીધે મહિલાઓને પ્રસવ સમયે થતી તકલિફો ઓછી થાય છે. તેનાથી સાયટિકા જેવી બીમારીમાં થતો દુઃખો ધીમે - ધીમે ઓછો થાય છે. વીંછી પહેરવાથી પગની આંગળીઓ પર થતા દબાણના કારણે કિડની અને યુરિનલ બ્લેડર સિસ્ટમ સંપૂર્ણ કાર્યશીલ રહે છે.

સખી, શરીરના વિધવિધ અંગો પર ધારણા કરાતા અલગ - અલગ પ્રકારના આભુષણો સ્ત્રીની સુંદરતા વધારવા ઉપરાંત એક્યુપંક્ચર અને એક્યુપ્રેશરની પદ્ધતિ મુજબ આરોગ્યની પણ સારી રીતે દેખરેખ રાખે છે.

*- હેમલ ભટ્ટ*

### ભુલ સુધાર

**૧. અંક નં. ૪૯માં ‘ઝુકી તો જવાય ને!’ ના એક લેખમાં કિશોર રતાણી (પુના) વાંચવું.**

**૨. અંક નં. ૪૯માં સરનામા બદલાવાની કોલમમાં પ્રથમ નામ ગુલાબચંદ અરજણ મોતા (નવી મુંબઈ) વાંચવું.**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મીડટાઉન સંઘ

મીડટાઉન સંઘના સભ્યો તા. ૨૮.૯.૧૪ના વડાલાના મધુકર હોલમાં શ્રીમતી વિનતા હરીશ નાગડાના અને મીનાબેન નાગડાના સથવારે જ્ઞાનવર્ધક રમતો રમ્યા. ઈનામો ને નાસ્તા પાણીની મિજબાની માણી આનંદ મેળવ્યો.

તા. ૯.૧૧.૧૪ના માટુંગામાં પાપા પગલી હોલમાં શ્રી ગીતા જૈનનું 'સ્વ અને સ્વજન' એ વિષય પર ખૂબજ મનનીય પ્રવચન સૌએ માણ્યું અને રસપ્રદ પ્રશ્નોતરી પણ થઈ.

તા. ૨૬.૧૧.૧૪ ના માટુંગાના મૈસુર એસોશીએશનના હોલમાં દર્શન જરીવાલાનું નાટક માણ્યું.

## શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના. સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શને ટ્રસ્ટના કાર્યો સરળતા પુર્વક કાર્ય કરી રહ્યા છે. દર શનિવારે પાચોરા મધે પણ ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલુ કરેલ છે.

**કાયમી તિથી આપનાર દાતાઓના નામ** : જય હિતેશ મોતા (મુંબઈ), ચાંદની મહેન્દ્ર નાગડા (પાચોરા), શિવજી વેલજી લોડાયા (હસ્તે રમીલાબેન - મુલુંડ), નિશાબેન હિતેશ મોતા (મુંબઈ), હિતેશભાઈ માણેકજી મોતા (મુંબઈ), અજય હિતેશ મોતા (મુંબઈ), તારાબાઈ માણેકજી મોતા (મુંબઈ), લક્ષ્મીચંદ શામજી મૈશેરી (હસ્તે હરિશભાઈ મૈશેરી - મુલુંડ), સોમચંદ સોજપાલ નાગડા (જખૌ), પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ની દિક્ષા તિથી નિમિતે (હસ્તે લતાબેન લહેરચંદ વિકમશી - મસ્જિદ બંદર), શા. શાંતિલાલ શાહ (નાંદગાવ હસ્તે કાશ્મીરા મિલિંદ પટેલ), માતુશ્રી મુરબાઈ વિશનજી શિવજી (હસ્તે પ્રભાબેન હેમેન્દ્ર લોડાયા - મુલુંડ), હંસાબેન હિરાચંદ અરજણ પટેલ (નવી મુંબઈ), તેજસ દિનેશ ગોસર (હૈદરાબાદ), દમયંતિબેન ચાંપશી લોડાયા (ઘાટકોપર), રાયચંદ હિરજી ખોના (ઈન્દોર), એક સદગ્રહસ્થ, માતુશ્રી મણીબેન ધનજી ગોસર (અંધેરી), ચંદનબાઈ શાંતિલાલ શાહ (નાંદગાવ), લલિતભાઈ લાલજી મોમાયા (હસ્તે - નેહા અને નમ્રતા - ચાલીસગામ).

**એક દિવસીય નકરો આપનાર** : ચંદ્રકાંતભાઈ મેઘજી લોડાયા (પાચોરા), હિમાંશુ


**જ્યોતિ સીલ્ક સાડી હવે માટુંગા સે.રે.ખાતે પણ**

કલા પારખુ K.D.O. સન્નારીઓ જોગ છેલ્લા ૩૮ વર્ષથી આપના સ્નેહ અને સહયોગ પામેલ **જ્યોતિ સીલ્ક સાડી એમ્પોરિયમ (ઝવેરી બજાર)** ની નવી શાખા માટુંગા (સે.રે.) ખાતે ખુલી રહી છે.

કિશોર ખેતશી પોલડીયા આપને શુભપ્રારંભ પ્રસંગે પધારવાનું આમંત્રણ આપતા હર્ષ અનુભવ છે.

**તા. ૧૩-૧૪ ડીસેમ્બર (શનિ. રવિ)**
**સમય : સવારે ૧૦ થી સાંજે ૭ સુધી**

સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧,
અરોરા થિયેટરની પાછળ,
માટુંગા (સે.રે.) કિંગ સર્કલ, મુંબઈ -૧૯
ફોન નં-2404 3995/93222 58574

**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

લાલજી લોડાયા (પાચોરા - ૬ શનિવાર), વિમલાબેન ખિમજી મૈશેરી (દહિસર), મેઘજીભાઈ જીવરાજ લોડાયા (પાચોરા), લેખાબેન.

## રજત જયંતી વર્ષ રંગપુર ચાતુર્માસ

શ્રી રંગપુર ગામે પ.પૂ. સાધ્વીશ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ. પૂ. સાધ્વીશ્રી કોટીગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨નું ચાતુર્માસ ખુબજ સારી રીતે સંપન્ન થયું.

શ્રી રંગપુર સંઘની ભોજનશાળામાં ચાતુર્માસાર્થે પધારનાર સર્વે માટે નવકારશી, બપોરનું જમણ, ચા - પાણી અને ચૌવિહાર વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

પર્યુષણ પર્વ દરમ્યાન ગુરૂ મુખેથી વીર વાણીની લહાણી થઈ અને સ્વપ્નાઓની બોલીમાં શ્રી સકળ સંઘે ઉંચી બોલીઓ બોલી લાભ લીધો. ચાતુર્માસ દરમ્યાન તપ, જપ, આરાધનાઓ પુજનો અનેક અનુષ્ઠાનો, ધાર્મિક પ્રશ્નોત્તરી, સુત્ર, ચરિત્ર વાંચનની સરવાણી વહી.

પર્યુષણ પર્વ બાદ ૨૧ દિવસનું મહા મંગલકારી વિમલનાથ ભગવાનના જાપનું અનુષ્ઠાન ખુબજ ભક્તિભાવપુર્વક થયું. શ્રી પાર્શ્વ પદમાવતી પૂજન, શ્રી સિદ્ધચક્ર પૂજન અને શ્રી ગૌતમ સ્વામી પુજન ભણાવવામાં આવ્યા. પૂજન ભણાવવા વિધિકાર શ્રી ગૌરાંગભાઈ ભાવસાર અને શ્રી ગુણવંતભાઈ મુંબઈથી અને સંગીતકાર મંડળી સાથે પાટણથી શ્રી સુશીલભાઈ શાહ પધાર્યા હતા.

આ પુજાનો ચાતુર્માસથી પુર્ણાહુતી અને ૪ માસ ચાતુર્માસાર્થે સ્થિરતા કરનાર ભાગ્યશાળી જ્ઞાતિજાનોની અનુમોદના અર્થે રાખવામાં આવેલ. પુજનમાં બેસવાનો લાભ હાજર બધાને શ્રી સંઘની ઉદારતાથી વિનામુલ્ય આપવામાં આવેલ. પુજનો ખુબજ ઉલ્હાસપુર્વક ભણાવાયા અને પુજ્ય ગુરૂભગવંતો પણ પ્રસન્ન થયા.

કારતકી પુનમના સિધ્ધાચલના, ખમાસણાંનો કાર્યક્રમ થયો. ચાતુર્માસ સફળ બનાવનાર દરેકનું અભિવાદન કરવામાં આવ્યું. આ પ્રસંગે ટ્રસ્ટમંડળના પ્રમુખશ્રી પંકજ કેશવજી ધરમશી, ઉપ પ્રમુખ શ્રી રમેશ દેવચંદ વોરા અને ખજાનચી શ્રી અશોક લાલજી લાલકા ખાસ મુંબઈથી પધાર્યા હતા. સ્થાનિક ટ્રસ્ટી શ્રી. ગુલાબચંદ ત્રીકમજી નાગડા અને શ્રી લહેરચંદ ચંપકલાલ ધરમશીએ ચાતુર્માસની જવાબદારી સંભાળી સુંદર કાર્ય ક્ર્યુ હતું. કાર્યકર્તાઓમાં મોખરે હતાં શ્રી વિનોદભાઈ શીવજી ધરમશી, શ્રી કીલાચંદ દામજી નાગડા અને શ્રી રમેશ ગાંગજી ધરમશી શ્રી હેમંતભાઈ પુજારી દ્વારા પણ સાથ સહકાર મળેલ.

ચાતુર્માસની સમાચારી પાળી સતત ૪ માસ રંગપુર રહેનાર ભાગ્યશાળીઓને શ્રી સંઘ તરફથી શ્રી સમેતશીખરજી જાત્રા કરાવવામાં આવશે. તા. ૭.૧૧.૧૪ના વહેલી સવારે પુજ્ય ગુરૂ ભગવંતો ઠાણા - ઉઠાણા કરી માતુશ્રી શાંતાબેન વેલજી હંસરાજ વોરાના નિવાસ સ્થાને પધાર્યા. પરિવાર તરફથી સકળ સંઘને પ્રભાવના થઈ અને નવકારશી કરાવી.

**સ્નેહભર્યું આમંત્રણ.**

સાંધવ તિર્થ મંડળ શ્રી શાંતિનાથ ભગવાનના જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે મહાસુદ - ૧૩ નો રવિવાર તા. ૧.૨.૨૦૧૫ના શુભ દિને સત્તરભેદી પૂજાની સાથે ધ્વજારોહણનો કાર્યક્રમ રહેશે. મહાજનશ્રી તરફથી હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે. સાંધવ ગામે મહાજન તરફથી વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતિ શામજી નરશી દંડ - પ્રમુખ**




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

*શિક્ષણ પ્રકાશ : પાના નં. ૧૬ થી ચાલુ*

ઉપરોક્ત શિષ્યવૃત્તિ માટે, જે વિદ્યાર્થીઓએ હજી સુધી ઓનલાઈન ફોર્મ દાખલ કરેલ નથી. તેમજ જે વિદ્યાર્થીઓએ કેન્દ્ર સરકારની મેરિટ-કમ-મિન્સ શિષ્યવૃત્તિ માટે અરજી દાખલ કરેલ પરંતુ તેઓ સીલેક્ટ નથી થયા. સ્કોલરશીપ માટે, એવા વિદ્યાર્થીઓ પાત્ર ગણાશે. વિદ્યાર્થીઓએ પોતાની અસ્વિકૃત અરજીના કારણો જાણવા માટે www.momascholrship.gov.in ઉપર કોડબોક ઓપ્શનમાં જોવા સૂચિત કરાય છે.

ઉપરોક્ત શિષ્યવૃત્તિ માટે વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન ઓન લાઈન અરજી પત્રક ભરવું તેની હાર્ડ કોપી ઈન્સટીટયુટમાં જમા કરાવવાની તારીખ ૦૧/૧૨/૨૦૧૪ થી ૨૨/૧૨/૨૦૧૪ સુધી વધારવામાં આવેલ છે તેમજ અરજી પત્રકની (તપાસણી) સ્કુટીની અને કન્ફર્મેશન (પુષ્ટિ) મેળવવાની અંતિમ તારીખ ૨૪/૧૨/૨૦૧૪ સુધી આપવામાં આવેલ છે. માટે વિદ્યાર્થીઓએ વેબસાઈટ ઉપર પોતાના એપ્લીકેશન આપડીની મદદથી પોતના અરજી પત્રકનું સ્ટેટ્સ ચેક કરતા રહેવું, જ્યાં સુધી પોતાની અરજીપત્રક સંપૂર્ણતઃ સ્વીકૃત થઈ ના જાય.

તેમજ સર્વે વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવેલ છે કે અરજીપત્રકમાં પોતાનો અધાર કાર્ડ નંબર તેમજ બેંકનો અકાઉન્ટ નંબર જરૂરથી આપવાનું ભૂલશો નહીં. તમોએ આપેલ ઉપરોક્ત નંબરો તમારા અરજી પત્રક ના સ્ટેટ્સમાં ખોટાં દેખાતા જણાય તો ત્વરીત યોગ્ય પુરાવાઓ સહીત ઈન્સટીટયુટ દ્વારા દુરુસ્તી કરી લેવા જણાવામાં આવે છે.

DIRECTORATE OF TECHNICAL EDUCATION MAHARASHTRA STATE, 3, MAHAPALIKA MARG, POST BOX NO.1967, MUMBAI - 400 001.

Helpline Phone nos.: 022-22617969 Fax : 022-22690007, E-Mial : mcm.dte@gmail.com Website : http://www.dte.org.in

Government of Maharashtra Scholarship for the Minority Communities Student Pursuing Technical and Professional Education - 2014-15

Minorities Development Department, Government of Maharashtra is offering the Scholarship for pursuing Professional and Technical Education for the economically weaker and meritorious student belong to Muslim, Sikg, Buddhist,Christian, PArsi and ***Jain minority communities.***

Detail of Eligibly Criteria are available on Website - www.dtemaharashtra.gov.in/scholarships.

Application for Fresh/Renewal of Scholarship are invited through Online Applicatin System for Technical and Professionalcourses from the following types of eligible Minority student for the year 2014-15.

Filling of Appilcation From through candidate registration on www.dtemaharashtra.gov.in/scholarshiops 01.12.0214 to 22.12.2014

Submissin of hard copy of Applicatino from by the student of the institute. 01.12.2014 to 23.12.2014

Scrutiny andConfirmation of Application from by Institute. 01.12.2014 to 24.12.2014

**નવા/બદલાયેલા સરનામા –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કુંવરજી મુલજી મોતા** | એ-વિંગ, ફ્લેટ નં ૨૧, ૩ જા માળે, પરમેશ્વર કૃપા, તિલક રોડ, અમરિશ મહેતા પેથોલોજી લેબની સામે, ઘાટકોપર (પૂ) મુંબઈ - ૪૦૦ ૦૭૭ |
| **નીના એલ. મોમાયા** | રૂમ નં.૧૦૬, તેજલ કોમ્પલેક્સ, મારૂતિ બુક ડેપોની ઉપર, અંબા માતા મંદિરની નજીક, જી.આય.ડી.સી., વાપી-૩૯૬૧૯૫ |
| **દિપ્તી સોમચંદ મોમાયા** | એ/૯૦૨, રીચમોન્ડ ગ્રાન્ડ, ટોરન્ટ પાવર સબ સ્ટેશનની નજીક, પ્રહ્લાદ નગર એક્સટેન્શન, વિલેજ મકરબા, અમદાવાદ - ૩૮૦૦૫૧ |
| **નરેન્દ્ર રાયચંદ શાહ** | ૭૦૨, હોરીઝોન પર્લ, સાસ્થા કો.ઓ.હા.સો.લિ., સત્યધન વિદ્યાપીઠ રોડ, ઓફ ગણેશ ગાવડે રોડ, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **મણીકાંત રતનશી ધરમશી** | ફ્લેટ નં ૧૦૦૧, ઓલીવ બિલ્ડીંગ, કલર સ્પેસ, ૧૦મા માળે, પંડિત દિન દયાલ ઉપાધ્યાય માર્ગ, મુલુંડ - મુંબઈ ૪૦૦ ૦૮૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**તિલકચંદ દામજી દંડ** 09907090403

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૧૧.૧૪ | ન્યુજર્શી | આદી-આરતી /અમિત નવીનચંદ્ર લોડાયા | મોટી ખાવડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૧.૧૪ | સેંધવા | પ્રકાશ ગુલાબ ખોના | નલીયા | ૨૬ |
| | હુબલી | ખુશ્બુ ચંદ્રકાંત લોડાયા | રાપર | ૨૬ |
| ૨૩.૧૧.૧૪ | વડોદરા | પ્રિયંક મધુકાંત જેઠાભાઈ દંડ | લાલા | ૨૭ |
| | કલ્યાણ | કિંજલ જયેશ ચાંપશી ખોના | સાંયરા | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૧૧.૧૪ | સાંતાક્રુઝ | પિયુષ વસંત સાયલા | ગોંધરા | ૩૪ |
| | સાંતાક્રુઝ | મિત્તલ મધુકાંત છેડા | નલિયા | ૨૯ |
| ૩૦.૧૧.૧૪ | નવી મુંબઈ | જીતેન્દ્ર રાયચંદ ડુંગરશી ગોસર | વારાપધ્ધર | - |
| | અંધેરી | રાધા વિનાયક દશરથ બોરોલકર | લાતુર | - |
| | દહીંસર | સચિન જયંતીલાલ વીરજી ધરમશી | ગોરખડી | - |
| | માટુંગારોડ | જયશ્રી ભીમરાવ ગણપત શિવમત | બીજાપુર | - |
| | બોરીવલી | ડોલર આઝાદ કલ્યાણજી છેડા | વારાપધર | - |
| | કાંદીવલી | જાનવી રાજેશ દોલતરાય જાંગલા | તળાજા | - |
| | ડોંબિવલી | મનિલ કમલેશ શીવજી લાપસીયા | સાંયરા | - |
| | ડોંબિવલી | દેવશ્રી નવીનચંદ્ર ઉમરશી મૈશેરી | લાલા | - |
| | જલગાંવ | અમિત ચંદ્રેશ મુલજી નાગડા | લાલા | - |
| | કોચીન | મીતા ભૂપેન્દ્ર મુલચંદ મોમાયા | વરાડીયા | - |
| | ડોંબિવલી | મયુર રમેશ દામજી લોડાયા | સુથરી | - |
| | નીમચ (મ.પ્ર) | આરતી મુકેન શામજી નાગડા | તેરા | - |
| | ડોંબિવલી | રીતેષ દિનેશ જેઠાભાઈ મોતા | કોઠારા | - |
| | અમદાવાદ | ઉર્વશી પદમશી રતનશી સાંયા | સુજાપર | - |

### છુટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૧૧.૧૪ | મુલુંડ | ચિંતન નરેન્દ્ર રાયચંદ ધરમશી | જશાપર | ૩૦ |
| | ઔરંગાબાદ | ક્રેની કિરણ તેજપાલ લોડાયા | સાયરા | ૨૫ |

***રીઝર્વ બેંકની સૂચના અનુસાર આપણી બેંકના આગ્રહ પ્રમાણે પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ C.D.O. Prakash Samiksha Samiti એમ લખવું જરૂરી છે. સમજદારીથી સહકાર આપવા વિનંતી.***

# પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રધ્ધાંજલી



## સ્વ. અ. સૌ. રંજનબેન પ્રવિણ લોડાયા

ગામ : મોટી ખાવડી　　　　　મુંબઇ : કાંદિવલી

જીવનયાત્રા : તા. ૨૦/૮/૫૭ થી તા. ૧૧/૧૨/૧૩

તમારી વિદાય હજી આજેય સ્વપ્નવત લાગે છે.
ઘરના કોઈ ખૂણેથી જાણે હમણાં તમારો ટહુકો સંભળાશે
અને મ્હોરી ઊઠશે અમારૂં આંગણુ.
હવે તમે નથી એ વાત સ્વીકારવા મન આજેય તૈયાર નથી.
સમયની ગતિને કોણ રોકી શક્યું છે ? જોતજોતામાં વરસ વિત્યું !
રોજ સુરજ ઊગે છે, રોજ સાંજ ઢળે છે,
પળ પળ તમારી યાદ સતાવે છે અને આંખડી અશ્રુ સારે છે.
તમારા વગર જીવનની હર ક્ષણ સૂની છે. ઈશ્વર તમારા દિવ્ય આત્માને
પરમ શાંતિ આપે એવી હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.

### તમારી સ્મૃતિમાં

પતિ : પ્રવિણ કુંવરજી લોડાયા

પુત્ર : હર્ષિલ પ્રવિણ લોડાયા　　　　　પુત્રવધુ : આસ્થા હર્ષિલ લોડાયા

પૌત્રી : ફિયોના હર્ષિલ લોડાયા

માતુશ્રી ધનલક્ષ્મી કુંવરજી લોડાયા સમસ્ત પરિવાર (મોટી ખાવડી)
માતુશ્રી ચંચલબેન કાન્તિલાલ છેડા સમસ્ત પરિવાર (મોટા આસંબીયા)
લક્ષ્મીચંદ દેવજી ગાલા સમસ્ત પરિવાર (કોડાય)

Shree Harshil Tours & Travels

શ્રી હર્ષિલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (મલાડ),
હર્ષિલ હોલિડેય્સ (ઓપેરા હાઉસ) - સમસ્ત સ્ટાફ

Harshil HOLIDAYS

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## અભિનંદન



જખૌ ગામના હાલે અંધેરીમાં રહેતા શ્રીમતી ચંદ્રિકા ભુપેન્દ્ર લોડાયાના કથા સંગ્રહ **ભવો ભવ**ને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક મળ્યું. અગાઉ આ કથા સંગ્રહને કર્લાગુર્જરી સંસ્થાની ગિરાગુર્જરી સ્પર્ધામાં પણ પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. ચંદ્રિકાબેનની વાર્તાઓ નવનીત અને અખંડ આનદમાં નિયમિત રીતે પ્રગટ થતી રહે છે.

ગામ નલીયાના હાલે અમદાવાદ રહેતા અને TCS ગાંધીનગરમાં કામ કરતા લિશિતા સુનિલ કુમાર શાહને ચાંગાની ચૌસાટ યુનિવર્સિટીના - કોન્વોકેશનમાં ગોલ્ડ મેડલ એનાયત કરાશે.







કે.ડી.ઓ કલાસિકનો કુદરતી ની કેડીએ પંખીના કલરવ અને જંગલનો વૈભવ માણવાનો કાર્યક્રમ યાદગાર રહ્યો. સાથે ફિલ્મ સિટીના સેટપર કલાકારોની મુલાકાત પણ થઈ





## રંગપુર હાલારનું ચાતુર્માસ અનેકવિધ ધર્મ આરાધના સભર રહ્યું.







if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,